Main C.C.NO. 1276/2022
C.C.NO. 799/2025
C.C.NO. 924/2023
C.C.NO. 992/2023

| | | | |
|---|---|---|---|
| GJAR040014562022 | | કેસ દાખલ થયાની તા. | ૨૬/૧૨/૨૦૨૨ |
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૨૬/૧૨/૨૦૨૨ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૦૫/૦૮/૨૦૨૬ |
| | सत्यमेव जयते | સમયગાળો:વર્ષ–૦ ૩,મહિનો–૦ ૭,દિવસ–૧૦ | |

---

**મેઘરજના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મુ.મેઘરજ**

---

**મુખ્ય ફોજદારી કેસ નંબર : ૧૨૭૬/૨૦૨૨**

**ફોજદારી કેસ નંબર: ૭૯૯/૨૦૨૫**

**ફોજદારી કેસ નંબર: ૭૨૪/૨૦૨૩**

**ફોજદારી કેસ નંબર: ૯૯૨/૨૦૨૩**

**આંક :**

---

**ફરીયાદી :** **શ્રી સરકાર**

ઈસરી પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૦૫૨૨૦૦૯૦/૨૨

**๐ વિરૂધ્ધ ๐**

**આરોપીઓ :**

**ફોજદારી કેસ નંબર : ૧૨૭૬/૨૦૨૨**

(૧) કુલાભાઈ રૂપાભાઈ નીનામા

(૨)પોપટભાઈ વિરજીભાઈ નીનામા

(૩)બચુભાઈ રૂપાભાઈ નીનામા

(૪)જયંતીભાઈ કમજીભાઈ ખરાડી

(૫)સંદીપભાઈ જીવાભાઈ ખરાડી

(૬)શંકરભાઈ સોમાભાઈ બામણા

(૭)રંજનબેન વા/ઓ કાન્તીભાઈ સળુભાઈ નીનામા

(૮)વિમળાબેન વા/ઓ ઈશ્વરભાઈ વિરજીભાઈ નીનામા

(૯)મરીયમબેન વા/ઓ કાન્તીભાઈ મંગળાભાઈ નીનામા

(૧૦)મંજુલાબેન વા/ઓ બાબુભાઈ રૂપાભાઈ નીનામા

(૧૧)લીલાબેન વા/ઓ અમરતભાઈ રૂપાભાઈ નીનામા

(૧૨)ગૌરીબેન વા/ઓ લક્ષ્મણભાઈ જીવાભાઈ નીનામા

(૧૩)રંજીતાબેન વા/ઓ દિનેશભાઈ સુરજીભાઈ નીનામા

(૧૪)સમુબેન વા/ઓ નગજીભાઈ નેમાભાઈ વગાત

તમામ રહે. ઓઢા,તા.મેઘરજ,જી.અરવલ્લી

**<u>ફોજદારી કેસ નંબર : ૭૯૯/૨૦૨૫</u>**

(૧)ઈશ્વરભાઈ વાલાભાઈ તરાર

રહે.ઓઢા,તા.મેઘરજ,જી.અરવલ્લી

(૨)દિંનેશભાઈ સુરજીભાઈ નીનામા

રહે.ઓઢા,તા.મેઘરજ,જી.અરવલ્લી

(૩)અમૃતભાઈ રૂપાભાઈ નીનામા

(૪)લક્ષ્મણભાઈ જીવાભાઈ નીનામા

(૫)અજયભાઈ અમૃતભાઈ નીનામા

(૬)અરવિંદભાઈ બદાભાઈ રોત

(૭)પ્રતાપભાઈ કાનાભાઈ તરાર

(૮)પંકજભાઈ કાવાભાઈ રોત

(૯) સુમિત્રાબેન વા/ઓ અરવિંદભાઈ બદાભાઈ રોત

તમામ રહે.ઓઢા,તા.મેઘરજ,જી.અરવલ્લી

(૧૦)સુનિલભાઈ અમરતભાઈ નીનામા

રહે.ઓઢા,તા.મેઘરજ,જી.અરવલ્લી

(૧૧)આશાબેન વનરાજભાઈ નીનામા

રહે.ઓઢા,તા.મેઘરજ,જી.અરવલ્લી

**<u>ફોજદારી કેસ નંબર : ૯૨૪/૨૦૨૩</u>**

(૧)ભરતભાઈ બાલાભાઈ ઉર્ફે બલાભાઈ કટારા

(૨)રાજેશભાઈ કાનાભાઈ ઉર્ફે કાળાભાઈ પાંડોર

(૩)કમજીભાઈ ઉર્ફે કમાભાઈ સુકાભાઈ ખરાડી

(૪) કાંતીભાઈ મંગળાભાઈ નીનામા

(૫) નટુભાઈ નગજીભાઈ વગાત

(૬)ઇશ્વરભાઈ વિરજીભાઈ નીનામા

તમામ રહે.ઓઢા(પાણીબાર),તા.મેઘરજ,જી.અરવલ્લી

**<u>ફોજદારી કેસ નંબર : ૯૯૨/૨૦૨૩</u>**

(૧)અર્જુનભાઈ ઇશ્વરભાઈ નીનામા

રહે.ઓઢા(પાણીબાર)

(૨)યોગેશભાઈ કુલાભાઈ નીનામા**(અબેટ)**

રહે.રહે.ઓઢા(પાણીબાર)

(૩)પારસભાઈ ઇશ્વરભાઈ નીનામા

રહે.ઓઢા(પાણીબાર)

(૪)મહેશભાઈ કુલાભાઈ નીનામા

(૫)કલ્પેશભાઈ ઉર્ફે લાલાભાઈ કુલાભાઈ નીનામા

(૬)કમલેશભાઈ પોપટભાઈ નીનામા

(૭)નિલમબેન વા/ઓ ઇશ્વરભાઈ નિનામા

ચારેય રહે.ઓઢા(પાણીબાર)

(૮)વનરાજભાઈ બચુભાઈ નીનામા

(૯)પિયુષભાઈ મરતાભાઈ રોત

બંને રહે.ઓઢા(પાણીબાર)

(૧૦)પ્રેમીલાબેન વા/ઓ વિશ્રામભાઈ સાંજાભાઈ ખરાડી

રહે.ઓઢા(પાણીબાર)

---

**ગુનો:** **ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ–૧૪૩, ૧૪૫,૧૪૭, ૧૪૯, ૩૩૭, ૩૫૩ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ**

---

**ફરીયાદપક્ષે :** વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

**બચાવપક્ષે :** વિધ્વાન વકીલશ્રી જી.વી.પારગી

---

**સદર કામે ફોજદારી કેસ નંબર : ૧૨૭૬/૨૦૨૨, ૭૯૯/૨૦૨૫, ૯૨૪/૨૦૨૩, ૯૯૨/૨૦૨૩ ફોજદારી કેસોમાં આરોપીઓ અલગ રહેલ છે જ્યારે ફરીયાદી તથા સાહેદો સમાન હોઈ, તેમજ ફોજદારી કેસ નંબર : ૧૨૭૬/૨૦૨૨ મુખ્ય ચાર્જશીટ છે અને ફોજદારી કેસ નંબર : ૭૯૯/૨૦૨૫, ૯૨૪/૨૦૨૩, ૯૯૨/૨૦૨૩ પુરવણી ચાર્જશીટ છે. જેથી આરોપીઓ ના વિદ્વાન એડવોકેટે સદર કેસો મુખ્ય ચાર્જશીટ સાથે ચલાવવા માટેની અરજી કરતા મારા પુરોગામી પ્રીસાઈડીંગ ઓફીસરશ્રી નાઓએ તા. સદર કેસો સાથે ચલાવવા હુકમ કરેલ છે અને સદર ફોજદારી કેસોના તમામ પુરાવાઓ ફોજદારી કેસ નંબર : ૧૨૭૬/૨૦૨૨ માં નોંધવાનો હુકમ કરેલ છે જેથી સદર ફોજદારી કેસોના પુરાવાઓ ફોજદારી કેસ નંબર : ૧૨૭૬/૨૦૨૨ નોંધવામાં**

**આવેલ છે અને સદર ફોજદારી કેસોના નિર્ણય એક ચુકાદામાં કરવામાં આવેલ છે.**

**૦ હુકમ ૦**

(૧) આ કામના આરોપી સામે ઈસરી પોલીસ સ્ટેશન ગુ. ર. નં .૧૧૧૮૮૦૦૫૨૨૦૦૯૦/૨૨ તા. ૧૮/૦૧/૨૦૧૯ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૬૦ ની કલમ-૧૪૩,૧૪૫,૧૪૭,૧૪૯,૩૩૭,૩૫૩ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનાં ગુનાનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) **ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::-**

સદર કામમાં ગઈ તા.૨૦/૦૩/૨૦૨૨ ના ક.૧૨/૩૦ વાગે મોજે ઓઢા ગામે અગાઉ ગઈ તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ ઓઢા ગામનો કાન્તીભાઈ સળુભાઈ નિનામા ઉ.વ.૫૨ નાઓ ઓઢા ગામે આકસ્મિક રીતે મરણ ગયેલ જેના મોત બાબતે મરણજનારના કુટુંબના તથા ગામના માણસોને નરેશભાઈ રત્નાભાઈ ખરાડી રહે.ઓઢા ના ઉપર શંકા વહેમ હોય જેથી નરેશભાઈ તેના ઘરના માણસો સાથે જે તે વખતથી ઘોરવાડા ગામે તેના મામાના ઘરે રહેવા ગયેલ અને તેઓનો સર સામાન ઓઢા ગામે પોતાના ઘરમાં હોય જે લેવા માટે સાહેદ પોલીસના માણસો સાથે ઓઢા ગામે જઈ આ કામના સાહેદ સકીનાબેન રત્નાજી ખરાડી તથા તેની સાથેના બીજા સાહેદનાઓ સકીનાબેનના ઘરમાંથી ઘર વખરી સરસામાન કાઢી ટ્રેક્ટરમાં ભરતા હતા તે વખતે આ કામના આરોપીઓ ગેરકાયદેસર મંડળી બનાવી મંડળીમાં જોડાઈ પોતાનો સામાન્ય ઉદ્ધેશ્ય પાર પાડવા સારૂ સાહેદ તથા ટ્રેક્ટર તથા સાહેદ પોલીસ સ્ટાફના માણસો ફરજ દરમ્યાન ના માણસો ઉપર પથ્થર મારો કરી હુમલો કરતાં આરોપીઓના ટોળાને કાબુમાં લાવવા માટે ફરીયાદી એ પોતાની પાસેની ટીયર ગેસ ગનમાંથી સ્ટન સેલ નંગ-૩ હવામાં છોડેલ જેથી

આરોપીઓનુ ટોળુ ત્યાંથી વિખેરાઇ ગયેલ અને સાહેદ પોલીસના માણસોને કે અન્ય સાહેદોને કોઇ ઈજા કે જાનહાનિ થયેલ ન હતી વિગેરે બાબત ની ઈ. પી. કો. કલમ– ૧૪૩, ૧૪૫, ૧૪૭, ૧૪૯, ૩૩૭, ૩૫૩ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબની ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

## (૩) <u>કોર્ટ કાર્યવાહી :–</u>

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ મુજબ પોલીસ ફરિયાદ આપેલ છે તેમજ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૦ મુજબ કોગ્નીજન્સ લઈ આરોપીઓ સામે સમન્સ કાઢવામા આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓ ને સમન્સ બજતા તેઓ હાજર થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ પ્ર માણે ફરિયાદપક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ ક્રિમીનલ કેસ નં ૧૨૭૬/૨૨ ના કામે મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીનાઓએ આંક – ૧૩ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક – ૧૪ થી ૨૭ લગત પ્લી નોંધવામાં આવેલ. જ્યારે ક્રિમીનલ કેસ નં ૭૯૯/૨૫ માં મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીનાઓએ આંક – ૩ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક – ૪ થી ૧૩ લગત પ્લી નોંધવામાં આવેલ.જ્યારે ક્રિમીનલ કેસ નં ૯૨૪/૨૩ માં મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીનાઓએ આંક – ૩ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક – ૪ , ૪ –અ, ૪–બ,૪–ક,૪–ડ, ૪–છ થી પ્લી નોંધવામાં આવેલ.જ્યારે ક્રિમીનલ કેસ નં ૯૯૨/૨૦૨૩ માં મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીનાઓએ આંક –૩ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી

આરોપીઓની આંક –૪ થી ૧૨ લગત પ્લી નોંધવામાં આવેલ. જે તમામમાં આરોપીઓ એ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી મુકેશભાઈ ધીરાભાઈ દામાની જુબાની | ૩૨ |
| ૦૨ | ફરીયાદ | ૩૩ |
| ૦૩ | પંચસાહેદ બાબુભાઈ સોમાભાઈ ભગોરાનીજુબાની | ૪૫ |
| ૦૪ | પંચનામું | ૪૬,૪૭ |
| ૦૫ | પંચસાહેદ વિરજીભાઈ દીતાભાઈ કટારાની જુબાની | ૪૮ |
| ૦૬ | સાહેદ શંકરભાઈ સોમાભાઈ કટારાની જુબાની | ૫૦ |
| ૦૭ | સાહેદ શૈલેષકુમાર રામાભાઈની જુબાની | ૫૧ |
| ૦૮ | સાહેદ ચીમનભાઈ ધર્માજીની જુબાની | ૫૨ |
| ૦૯ | સાહેદ કાંતીલાલ મનજીભાઈની જુબાની | ૫૪ |
| ૧૦ | સાહેદ રણજીતભાઈ સુકાભાઈની જુબાની | ૫૬ |
| ૧૧ | સાહેદ રમેશભાઈ પુંજાજી પરમારની જુબાની | ૫૭ |
| ૧૨ | સાહેદ મયુરભાઈ દીનુભાઈની જુબાની | ૫૮ |
| ૧૩ | સાહેદ અનીલભાઈ રામાભાઈની જુબાની | ૫૯ |
| ૧૪ | સાહેદ અશ્વીનભાઈ વાલમભાઈની જુબાની | ૬૦ |
| ૧૫ | સાહેદ અલ્પેશકુમાર બચુભાઈની જુબાની | ૬૧ |
| ૧૬ | સાહેદ બાબુભાઈ ધર્માભાઈની જુબાની | ૬૨ |

| | | |
|---|---|---|
| ૧૭ | સાહેદ સકીનાબેન રત્નાભાઈ ખરાડીની જુબાની | ૬૪ |
| ૧૮ | સાહેદ ગીતાબેન નિરંજનભાઈ ખરાડીની જુબાની | ૬૬ |
| ૧૯ | સાહેદ ગીતાબેન અમૃતભાઈની જુબાની | ૬૮ |
| ૨૦ | સાહેદ પ્રતીક્ષાબેન મનોજભાઈની જુબાની | ૬૯ |
| ૨૧ | સાહેદ લક્ષ્મીબેન કાવજીભાઈ નીનામાની જુબાની | ૭૧ |
| ૨૨ | સાહેદ રત્નાભાઈ હાજીભાઈ ખરાડીની જુબાની | ૭૪ |
| ૨૩ | સાહેદ કૈલાશબેન રમેશભાઈ ભગોરાની જુબાની | ૭૫ |
| ૨૪ | સાહેદ પ્રશાંતકુમાર રમેશચંદ્રની જુબાની | ૭૭ |
| ૨૫ | ત.ક.અ વિકાસ શંકરભાઈ દેસાઈની જુબાની | ૮૦ |

(૫) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ હોય, જેમા આરોપીઓ એ મોટા ભાગના પ્રશ્નોના જવાબ નકારમાં આપેલા છે. તેમજ પોતે સોગંદ પર જુબાની આપવી નથી, સોગંદ પર સાહેદો તપાસવા નથી તેવુ જણાવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, હાલની ફરીયાદ ખોટી છે. તેઓ ફરીયાદ બાબતે કંઈ જાણતા નથી.

(૬) ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પીશ્રીને તથા આરોપીઓ તરફે તેમના વિ. વકીલ શ્રીની વિસ્તૃત દલીલો મૌખિકમાં સાંભળવામાં આવી.

(૭) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ શંકાથી પરે હકીકત પુરવાર કરી શકે છે કે,ગઈ તા.૨૦/૦૩/૨૦૨૨ ના ક.૧૨/૩૦ વાગે મોજે ઓઢા ગામે અગાઉ ગઈ તા.૧૦/૦૨/૨૦૨૨ નારોજ | નકારમાં |

| | | |
|---|---|---|
| | ઓઢા ગામનો કાન્તીભાઇ સળુભાઇ નિનામા ઉ.વ.પર નાનો ઓઢા ગામે આકસ્મિક રીતે મરણ ગયેલ જેના મોત બાબતે મરણજનારના કુટુંબના તથા ગામના માણસોને નરેશભાઇ રત્નાભાઈ ખરાડી રહે.ઓઢા ના ઉપર શંકા વહેમ હોય જેથી નરેશભાઈ તેના ઘરના માણસો સાથે જે તે વખતથી ઘોરવાડા ગામે તેના મામાના ઘરે રહેવા ગયેલ અને તેઓનો સર સામાન ઓઢા ગામે પોતાના ઘરમાં હોય જે લેવા માટે સાહેદ પોલીસના માણસો સાથે ઓઢા ગામે જઈ આ કામના સાહેદ સકીનાબેન રત્નાજી ખરાડી તથા તેની સાથેના બીજા સાહેદ નાઓ સકીનાબેનના ઘરમાંથી ઘર વખરી સરસામાન કાઢી ટ્રેક્ટરમાં ભરતા હતા તે વખતે આ કામના આરોપીઓ ગેરકાયદેસર મંડળી બનાવી મંડળીમાં જોડાઈ પોતાનો સામાન્ય ઉદ્દેશ્ય પાર પાડવા સારૂ સાહેદ તથા ટ્રેક્ટર તથા સાહેદ પોલીસ સ્ટાફના માણસો ફરજ દરમ્યાન ના માણસો ઉપર પથ્થર મારો કરી હુમલો કરતાં આરોપીઓના ટોળાને કાબુમાં લાવવા માટે ફરીયાદી એ પોતાની પાસેની ટીયર ગેસ ગનમાંથી સ્ટન સેલ નંગ-૩ હવામાં છોડેલ જેથી આરોપીઓનુ ટોળુ ત્યાંથી વિખેરાઈ ગયેલ અને સાહેદ પોલીસના માણસોને કે અન્ય સાહેદોને કોઈ ઈજા કે જાનહાનિ થયેલ ન હતી વિગેરે બાબતે આ અદાલતની હકુમતમાં ઈ. પી. કો. કલમ- ૧૪૩, ૧૪૫, ૧૪૭, ૧૪૯, ૩૩૭, ૩૫૩ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો શીક્ષાનો પાત્ર ગુન્હો કરેલ છે **?** | |
| **૨.** | શું હુકમ **?** | આખરી હુકમ મુજબ |

## <u>૦ મુદ્દા નં.૧ ના નિર્ણયના કારણો ૦</u>

(૮) -:: પુરાવાનુ મુલ્યાંકન ::-

**<u>મુદ્દાની ચર્ચા :-</u>**

અદાલતે ફોજદારી કેસના ન્યાય-નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમકોર્ટે **કે.એમ.નાણાવટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરિયાદીપક્ષે આરોપી ઓ પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીઓ નું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપીઓ ઉપર રહે છે.

૬) આરોપીઓએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

૭) આરોપીઓએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં આધારે કરવાનો રહે છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ક્રિમીનલ કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ **Beyond Reasonable Doubt** એટલે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર "Probebiltiy & possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલ ` કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. **"Inter foretarn at concordared lages legibus Est. optimus Inter foretandimous"** એટલે કે, કાયદાનું અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે. સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમજ રજુ થયેલ ફરિયાદ ઉપર આધાર રાખેલ છે. જેમાં ફરિયાદીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે. એવીડેન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

## (૯) <u>ફરીયાદી અને સાહેદોનો પુરાવો :–</u>

(૯.૧) ફરિયાદપક્ષે આંક–૩૨ થી ફરીયાદી મુકેશભાઈ ધીરાભાઈ દામાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, તા.૧૦/૨/૨૦૨૨ ના રોજ બીટ નં.૨ ઓઢા ગામના કાન્તીભાઈ સળુભાઈ નિનામાઓ આકસ્મીત રીતે મરણ ગયેલ હોઈ ઈસરી પો.સ્ટે. મથકે અમોત નં.૨/૨૨, સી.આર.પી.સી. કલમ– ૧૭૪ મુજબ દાખલ કરેલ હતુ અને મરણ જનારનુ પેનલ ડોકટરની પી.એમ. કરાવેલ અને કબજે લીધેલ વિશેરા એફ.એસ.એલ.અમદાવાદ તપાસણી સારુ મોકલી આપેલ અને જેમાં બાયોલોજીકનો તથા પેથોલોજીક વિભાગ મેડીકલ સીવીલ હોસ્પીટલનુ પુથ્થકરણ સર્ટીફીકેટ આવેલ ન હોઈ તપાસ પેન્ડીંગ હતી આ મરણજનારના કુટુંબી તથા ગ્રામજણો કાન્તીભાઈ સળુભાઈ નિનામાના મોત બાબતે નરેશભાઈ રત્નાભાઈ ના ઉપર શંકા વહેમ કરતા હોઈ આ નરેશભાઈ તથા તેના માતા–પિતા તથા તેમની પત્ની તથા બીજા તેમના ઘરના માણસો તેમના સંબંધી ઘોરવાડાના ત્યા જતા રહેલા તા.૧૮/૦૩/૨૦૨૨ ના રોજ સકીનાબેન રત્નાભાઈ તેમના ઘરનુ તથા ઢાળીયામાં કોઈ કારણસર આગ લાગવાથી થોડોક ભાગ બળી ગયેલ હોય આ બાબતે તેઓએ ઈસરી પો.સ્ટે. મથકે તા.૧૯/૩/૨૦૨૨ ના રોજ દાખલ કરાવેલી અને બીજુ ઘરનો સામાન તેમના ઘરે હોઈ તે સામાન કાઢવા બાબતે તેઓએ પ્રોટેકશન મેળવવા ઈસરી પો.સ્ટે. અરજી આપેલ તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજ જાણવાજોગ તપાસ તથા સરસામાન કાઢવા બાબતે અરજી આપતા પોલીસ સ્ટેશનના માણસો અમો સાથે એ.એસ.આઈ. શંકરભાઈ સોમાભાઈ, અ.પો.કો. ચીમનભાઈ ધર્માભાઈ, અ.હે.કો. રણજીતભાઈ સુકાભાઈ, અ.પો.કો.શૈલેષભાઈ રામાભાઈ તેમજ પાછળ પી.એસ.આઈ. તથા પોલીસ સ્ટાફના માણસો તથા સકીનાબેન રત્નાજી તેમના પતિ, ગીતાબેન નરેશભાઈ તથા કુડોલ ગ્રામના તેમના સંબંધી સાથે ઓઢા ગામે ગયેલા

અને તેમનુ સરસામાન ઘર આગળ ટ્રેકટર ઉભુ રાખી તેમાં સરસામાન ઘરમાંથી બહાર કાઢી ભરતા હતા એટલામાં કીકીયારીઓ થવા લાગી આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા અને દોડી આવી પથ્થરો સકીનાબેનના ઘર ઉપર, ટ્રેકટર ઉપર, તથા અમો પોલીસ ઉપર નાખતા હતા તે વખતે પી.એસ.આઈ.શ્રી વી.એસ.દેસાઈ સાહેબ તથા બીજા પોલીસના માણસો વુ.પો.કો. પ્રતીક્ષાબેન, વુ.પો.કો.લક્ષ્મીબેન કાવજીભાઈ, અ.પો.કો.કાન્તભાઈ મનજીભાઈ, અ.પો.કો.અશ્વિનભાઈ વાલમાભાઈ, અ.પો.કો.અનિલભાઈ રામાભાઈ, વુ.પો.કો.ગીતાબેન અમૃતભાઈ, અ.પો.કો.પ્રસાંતકુમાર રમેશચંન્દ્ર, અ.પો.કો.અલ્પેશકુમાર બચુભાઈ, અ.પો.કો. બાબુભાઈ ધર્માભાઈ વિગેરા બીજા પોલીસ સ્ટાફના માણસો આવી ગયેલા અને પથ્થર નાખનાર માણસોને સમજાવેલા અને વીખેરાઈ જવા જણાવતા આ માણસો એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને વધુ પથ્થર મારો અમો ઉપર કરવા લાગેલા જેથી અમોએ અમારી પાસેની ગેસ ગનથી ત્રણ સેલ હવામાં ટોળુ વીખેરવા માટે છોડેલા જેથી ટોળુ વીખેરાઈ ગયેલુ અમોએ છોડેલ સેલનો એક કેપ મળેલ અને બાકીના બે કેપ અમોને મળેલ નહિ જેથી ટોળાએ કરેલ ગેરકાયદેસર કૃત્ય બદલ પો.ઈ.વી.એસ.દેસાઈ રૂબરુ ફરીયાદ આપેલી જે ફરીયાદ મને બતાવવા માં આવે છે તેમાં મારી સહી છે જે હુ ઓળખુ છુ જે ફરીયાદને રજુ દાખલ **આં ક. ૩૩** આપવામાં આવે છે. **બનાવ વખતે ટોળુ હોઈ ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આરોપીઓને હુ હાલ ઓળખી શકુ નહિ.**

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતો કબુલ રાખે છે કે,બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં પાંચ થી સાત મીનીટનો સમય થાય. સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. ઢાળીયુ બળી ગયેલુ તે બનાવ અંગેની સ્ટેશન

ડાયરીમાં નોધ કરીને અમો બનાવ સ્થળે ગયેલા. આ નોંધ આ કામે રજુ કરેલ નથી. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારી ફરીયાદમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના માત્ર ચાર માણસો હતા. જે ટ્રેકટરમા સામાન ભરાતો હતો તેનો નંબર શુ હતો તેનો માલીક કોણ હતો તે હુ કહી શકુ નહિ. તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ કાન્તીભાઈ સળુભાઈ નિનામા જેઓનુ મર્ડર થયેલુ જે અંગે અમરત રૂપા નિનામાએ પો.સ્ટે.માં જાણવાજોગ જાહેરાત આપેલી. અમરતભાઈ રૂપાભાઈ જે ફરીયાદ કરેલ આ કામે ગુનો નોધાયેલો નહિ પરંતુ ૨/૨૨ થી અકસ્માત નોધ દાખલ થયેલી. પી.એમ.નોટ બાદ પણ પોલીસે કોઈ ગુનો નોધેલ નહિ કારણકે, એફ.એસ.એલ. રીપોર્ટ આવેલ ન હતો. એ વાતની મને ખબર નથી કે, અમરતભાઈ રૂપાભાઈએ મર્ડર અંગે ગુનો ન નોધાતા નામ.હાઈકોર્ટમાં ગુનો નોધવા અંગે પીટીશન કરેલી. ફરીયાદી કબુલે છે કે, ૧૫ થી ૧૬ માણસોએ એક સાથે બંધોબસ્તમાં જાઉ હોય તો ઉપલા અધિકારીની મંજુરી લેવી પડે. આ કામે લેખીત મંજુરી મેળવેલ નથી. સાહેદ જણાવે છે કે, પી.એસ.આઈ.સાહેબશ્રીની સુચનાથી અમો ગયેલા. બનાવ બન્યો તેની આજુબાજુ ઘણાબધા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાતની મને ખબર નથી કે, કાન્તભાઈનુ મરણ થયુ તે અંગે તેના કુટુંબીજણો અને સ્વજનો વારંવાર પોલીસ સ્ટેશને ફરીયાદ નોધાવવા માટે આવતા હતા અને ગુનો નોધવાની માંગણી કરતા હતા. ગ્રામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત આરોપી હતા. એ વાતની મને ખબર નથી કે, શારદાબેન જગદીશભાઈ પાંડોર પોલીસ ખાતામાં ફરજ બજાવે છે. ફરીયાદી કબુલે છે કે, બનાવના દિવસે શારદાબેન તેમના પતિ સાથે સરકારી ગાડીમાં સકીનાબેનના ઘરે આવેલા હતા. એ વાતની

મને ખબર નથી કે, શારદાબેન ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે. બનાવ સમયે શારદાબેન ઈસરી પો.સ્ટે. ખાતે ફરજ બજાવતા ન હતા. ફરીયાદ મળે ત્યારે બંધોબસ્તમાં જવા માટે હથીયારો લઈ જવા માટે ઉપલા અધિકારી ધ્વારા ઓર્ડર કરવામાં આવતો હોય છે. પોલીસ સ્ટેશનમાં ટીયર ગેસ ગન, સ્ટન સેલ પહેલેથી જ હાજર હોય છે. ટીયર ગેસ ગન, સ્ટન સેલ કોઈ પણ જગ્યાએ લઈ જવા હોય તો ઉપલા અધિકારીની મંજુરી લેવી પડે. સાહેદ જણાવે છે કે, પી.એસ.આઈ.ની સુચનાથી લઈ જઈ શકાય. ફરીયાદમાં એવી હકીકત જણાવેલ નથી કે, ઉપલી અધિકારીની સુચનાથી ટીયરગેસ ગન, સ્ટન સેલ લાવેલા. ટીયર ગેસ ગન, સ્ટન સેલ લઈ જવા અંગે પોલીસ સ્ટેશનમાં નોં ધનો ફરીયાદમાં કોઈ ઉલ્લેખ કરેલ નથી કે કોઈ નોંધ રજુ કરેલ નથી. શારદાબેન જગદિશભાઈ પાંડોર અને સકીનાબેન બન્ને બહેનો થાય છે. અન્ય સુચક પ્રશ્નોના જવાબ ફરીયાદીએ નકારમાં આપેલા છે.

(૯.૨) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૫૦ થી સાહેદ શંકરભાઈ સોમાભાઈ કટારાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં ફરીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે જયારે બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતો કબુલ રાખે છે કે, બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં પાંચ થી દસ મીનીટનો સમય થાય. સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. એ વાતની મને ખબર નથી કે, સકીનાબેનની ફરીયાદ અંગે પોલીસે કોઈ કાર્યવાહી કરેલી કે કેમ. એ વાતની મને ખબર નથી કે, ઢાળીયુ બળી ગયેલુ તે બનાવ અંગેની સ્ટેશન ડાયરીમાં નોધ કરીને અમો બનાવ સ્થળે ગયેલા. સાહેદ કબુલે છે કે, બનાવ સ્થળે પોલીસના માણસો બે

પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના દસ પંદર માણસો હતા. જે ટ્રેકટરમા સામાન ભરાતો હતો તેનો નંબર શુ હતો તેનો માલીક કોણ હતો તે હુ કહી શકુ નહિ. અમરતભાઈ રૂપાભાઈ જે ફરીયાદ કરેલ આ કામે ગુનો નોધાયેલો નહિ પરંતુ ૨/૨૨ થી અકસ્માત નોધ દાખલ થયેલી. એ વાતની મને ખબર નથી કે, પી.એમ.નોટ બાદ પણ પોલીસે કોઈ ગુનો નોધેલ કે કેમ. એ વાતની મને ખબર નથી કે, અમરતભાઈ રૂપાભાઈએ મર્ડર અંગે ગુનો ન નોધાતા નામ.હાઈકોર્ટમાં ગુનો નોધવા અં ગે પીટીશન કરેલી. બનાવ બન્યો તેની આજુબાજુ ઘણાબધા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાતની મને ખબર નથી કે, બનાવ બન્યો તે વખતે કાન્તીભાઈ ના મરણની સુતક વિધી રાખેલ હતી એટલે માણસો ભેગા થયેલા. કાન્તીભાઈનુ મરણ થયુ તે અંગે તેના કુટુંબીજણો અને સ્વજનો વારંવાર પોલીસ સ્ટેશને ફરીયાદ નોધાવવા માટે આવતા હતા અને ગુનો નોધવાની માંગણી કરતા હતા. ગ્રામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. એ વાતની મને ખબર નથી કે, ફરીયાદી મુકેશભાઈ ધીરાભાઈએ સકીનાબેનના ભાઈના દિકરા થાય છે. બનાવ સમયે હુ મારી ફરજ ઉપર હાજર હતો. બનાવ વખતે હુ ઈસરી પો.સ્ટેશનમાં આશરે ૧ વર્ષથી ફરજ બજાવતો હતો. એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરુ આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. બનાવમાં પોલીસ ઉપર કોઈ હુમલો થયેલ હોય અને પોલીસના

માણસોને ઈજા થતા સારવાર લીધેલ હોય તેવુ બનેલ નથી. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

(૯.૩) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૫૧ થી સાહેદ શૈલેષકુમાર રામાભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં ફરીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે . તેમજ વધુમાં, જણાવેલ છે કે, બનાવ વખતે ટોળુ હોઈ ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ તમામ આરોપીઓને હુ હાલ ઓળખી શકુ નહિ પરંતુ આરોપી ભુલાભાઈ રૂપાભાઈનાઓને હુ ઓળખી શકુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદ એ હકીકત કબૂલ રાખેલ છે કે,બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં પાંચ થી દસ મીનીટનો સમય થાય. સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. એ વાતની મને ખબર નથી કે, સકીનાબેનની ફરીયાદ અંગે પોલીસે કોઈ કાર્યવાહી કરેલી કે કેમ. એ વાતની મને ખબર નથી કે, ઢાળીયુ બળી ગયેલુ તે બનાવ અંગેની સ્ટેશન ડાયરીમાં નોધ કરીને અમો બનાવ સ્થળે ગયેલા. સાહેદ કબુલે છે કે, બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના દસ પંદર માણસો હતા. જે ટ્રેકટરમા સામાન ભરાતો હતો તેનો નંબર શુ હતો તેનો માલીક કોણ હતો તે હુ કહી શકુ નહિ. અમરતભાઈ રૂપાભાઈ જે ફરીયાદ કરેલ આ કામે ગુનો નોધાયેલો નહિ પરંતુ ૨/૨૨ થી અકસ્માત નોધ દાખલ થયેલી. એ વાતની મને ખબર નથી કે, પી.એમ.નોટ બાદ પણ પોલીસે કોઈ

ગુનો નોધેલ કે કેમ. એ વાતની મને ખબર નથી કે, અમરતભાઈ રૂપાભાઈએ મર્ડર અંગે ગુનો ન નોધાતા નામ.હાઈકોર્ટમાં ગુનો નોધવા અં ગે પીટીશન કરેલી. બનાવ બન્યો તેની આજુબાજુ ઘણાબધા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાતની મને ખબર નથી કે, બનાવ બન્યો તે વખતે કાન્તીભાઈ ના મરણની સુતક વિધી રાખેલ હતી એટલે માણસો ભેગા થયેલા. કાન્તીભાઈનુ મરણ થયુ તે અંગે તેના કુટુંબીજણો અને સ્વજનો વારંવાર પોલીસ સ્ટેશને ફરીયાદ નોધાવવા માટે આવતા હતા અને ગુનો નોધવાની માંગણી કરતા હતા. ગ્ર ામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. એ વાતની મને ખબર નથી કે, ફરીયાદી મુકેશભાઈ ધીરાભાઈએ સકીનાબેનના ભાઈના દિકરા થાય છે. બનાવ સમયે હુ મારી ફરજ ઉપર હાજર હતો. બનાવ વખતે હુ ઈસરી પો.સ્ટેશનમાં આશરે ૧ વર્ષથી ફરજ બજાવતો હતો. એ વાતની મને ખબર નથી કે, બનાવ વાળી જગ્યાએ બનાવ સમયે ચશ્માવાળા કાકાઓ ઘણા આવેલા હતા. **મે જે આરોપીને કોર્ટ રૂબરુ ઓળખી બતાવ્યો તે આરોપી બનાવ સમયે ત્યાં હાજર હતો તે હુ ચોકકસ કહી શકુ નહિ.** એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરુ આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. બનાવમાં પોલીસ ઉપર કોઈ હુમલો થયેલ હોય અને પોલીસના માણસોને ઈજા થતા સારવાર લીધેલ હોય તેવુ બનેલ નથી. સાહેદે અનય સુચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલા છે.

**(૯.૪)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૫૨ થી સાહેદ ચીમનભાઈ ધર્માજીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં

ફરીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે . તેમજ વધુમાં, જણાવેલ છે કે, બનાવ વખતે ટોળુ હોઈ ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ તમામ આરોપીઓને હુ હાલ ઓળખી શકુ નહિ. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદ એ હકીકત કબૂલ રાખેલ છે કે, બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં પાંચ થી દસ મીનીટનો સમય થાય. સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. એ વાતની મને ખબર નથી કે, સકીનાબેનની ફરીયાદ અંગે પોલીસે કોઈ કાર્યવાહી કરેલી કે કેમ. એ વાતની મને ખબર નથી કે, ઢાળીયુ બળી ગયેલુ તે બનાવ અંગેની સ્ટેશન ડાયરીમાં નોધ કરીને અમો બનાવ સ્થળે ગયેલા. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના દસ પંદર માણસો હતા. જે ટ્રેકટરમા સામાન ભરાતો હતો તેનો નંબર શુ હતો તેનો માલીક કોણ હતો તે હુ કહી શકુ નહિ. અમરતભાઈ રૂપાભાઈ જે ફરીયાદ કરેલ આ કામે ગુનો નોધાયેલો નહિ પરંતુ ૨/૨૨ થી અકસ્માત નોધ દાખલ થયેલી. એ વાતની મને ખબર નથી કે, પી.એમ.નોટ બાદ પણ પોલીસે કોઈ ગુનો નોધેલ કે કેમ. એ વાતની મને ખબર નથી કે, અમરતભાઈ રૂપાભાઈએ મર્ડર અંગે ગુનો ન નોધાતા નામ.હાઈકોર્ટમાં ગુનો નોધવા અંગે પીટીશન કરેલી. બનાવ બન્યો તેની આજુબાજુ ઘણાબધા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાતની મને ખબર નથી કે, બનાવ બન્યો તે વખતે કાન્તીભાઈ ના મરણની સુતક વિધી રાખેલ હતી એટલે માણસો ભેગા થયેલા. કાન્તીભાઈનુ મરણ થયુ તે અંગે તેના કુટુંબીજણો અને સ્વજનો વારંવાર પોલીસ સ્ટેશને ફરીયાદ

નોધાવવા માટે આવતા હતા અને ગુનો નોધવાની માંગણી કરતા હતા. એ વાત ખરી નથી કે, સકીનાબેન પાસેથી ખોટી અરજી લઈ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ૩/૨૦૨૨ ખોટી નોંધી આરોપીઓ વિરુધ્ધ પુર્વગ્રહ રાખી પોલીસે હાલની ખોટી ફરીયાદ કરેલી છે. સાહેદ કબુલે છેકે, ગ્રામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. એ વાતની મને ખબર નથી કે, ફરીયાદી મુકેશભાઈ ધીરાભાઈએ સકીનાબેનના ભાઈના દિકરા થાય છે. બનાવ સમયે હુ મારી ફરજ ઉપર હાજર હતો. બનાવ વખતે હુ ઈસરી પો.સ્ટેશનમાં આશરે ૧ વર્ષથી ફરજ બજાવતો હતો. એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરુ આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. બનાવમાં પોલીસ ઉપર કોઈ હુમલો થયેલ હોય અને પોલીસના માણસોને ઈજા થતા સારવાર લીધેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે, સ.ત.માં જણાવેલ તમામ હકીકતો ખોટી જણાવુ છુ. સાહેદે અન્ય સુચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલા છે.

**(૯.૫)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૫૪ થી સાહેદ કાંતીલાલ મનજીભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં ફરીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે . તેમજ વધુમાં, જણાવેલ છે કે, આ કામના આરોપીઓને હુ ઓળખી શકુ સાહેદ ઈશારાથી ત્રણ આરોપીઓને ઓળખી બતાવે છે જેનુ નામ મને ખબર નથી તેઓને તેઓનુ કોર્ટ રૂબરુ નામ પુછતા રાજેશભાઈ કાળાભાઈ, સદિપકુમાર જીવાભાઈ, નટુભાઈ નગજીભાઈ છે તે જ હતા. અને બનાવ વખતે ટોળુ હોય ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આ સિવાય તમામ આરોપીઓને હુ હાલ ઓળખી શકુ નહિ. જયારે

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદએ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫–૬ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં વિસ મીનીટનો સમય થાય. સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. સકીનાબેનની ફરીયાદ અંગે પોલીસ જાણવાજોગ ફરીયાદ દાખલ કરેલી. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના ૨૦ જેટલા માણસો હતા. જે ટ્રેકટરમા સામાન ભરાતો હતો તેનો નંબર શુ હતો તેનો માલીક કોણ હતો તે હુ કહી શકુ નહિ. તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ કાન્તીભાઈ સળુભાઈ નિનામા જેઓનુ મર્ડર થયેલુ જે અંગે અમરત રૂપા નિનામાએ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. અમરતભાઈ રૂપાભાઈ જે ફરીયાદ કરેલ આ કામે ગુનો નોધાયેલો નહિ પરંતુ ૨/૨૨ થી અકસ્માત નોધ દાખલ થયેલી. એ વાતની મને ખબર નથી કે, પી.એમ.નોટ બાદ પણ પોલીસે કોઈ ગુનો નોધેલ કે કેમ. એ વાતની મને ખબર નથી કે, અમરતભાઈ રૂપાભાઈએ મર્ડર અંગે ગુનો ન નોધાતા નામ.હાઈકોર્ટમાં ગુનો નોધવા અંગે પીટીશન કરેલી. બનાવ બન્યો તેની આજુબાજુ ઘણાબધા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાતની મને ખબર નથી કે, બનાવ બન્યો તે વખતે કાન્તીભાઈ ના મરણની સુતક વિધી રાખેલ હતી એટલે માણસો ભેગા થયેલા. એ વાત ની મને ખબર નથી કે, કાન્તીભાઈનુ મરણ થયુ તે અંગે તેના કુટુંબીજણો અને સ્વજનો વારંવાર પોલીસ સ્ટેશને ફરીયાદ નોધાવવા માટે આવતા હતા અને ગુનો નોધવાની માંગણી કરતા હતા. ગ્રામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ

મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. એ વાતની મને ખબર નથી કે, ફરીયાદી મુકેશભાઈ ધીરાભાઈએ સકીનાબેનના ભાઈના દિકરા થાય છે. બનાવ સમયે હુ મારી ફરજ ઉપર હાજર હતો. બનાવ વખતે હુ ઈસરી પો.સ્ટેશનમાં આશરે દોઢ વર્ષથી ફરજ બજાવતો હતો. **મે જે નામ.કોર્ટમાં આરોપીઓને ઓળખી બતાવ્યા તે આરોપીના નામ કે તેઓને ઓળખુ છુ તેવી હકીકત મે મારા પોલીસ રૂબરુના નિવેદનમાં લખાવેલ નથી. મારી હાજરીમાં એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરુ આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી.** બનાવ બનેલો ત્યારે ૧૦૦–૨૦૦ માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ. **ટોળામાં ચોકકસ કોણ શુ કરતુ હતુ તે હુ કહી શકુ નહિ.** એ વાતની મને ખબર નથી કે, ઢાળીયુ બળી ગયુ તે કોની માલીકીનુ હતુ તે હુ કહી શકુ નહિ. એ વાતની મને ખબર નથી કે, જે ઢાળીયુ બળી ગયેલ તે ઢાળીયુ વિશ્રામભાઈ સાંજાભાઈ ખરાડીની માલીકીની જમીનમાં હતુ. એ વાતની મને ખબર નથી કે, આ ઢાળીયુ હાલની ફરીયાદવાળા બનાવના એક અઠવાડીયા બાદ બળી ગયેલુ. એ વાતની મને ખબર નથી કે, ફરીયાદી મુકેશભાઈ ધીરાભાઈનાઓ નરેશભાઈ રત્નાભાઈ ખરાડીના કુટુંબી ભાણેજ થાય છે. એ વાતની મને ખબર નથી કે, નરેશભાઈ રત્નાભાઈ ખરાડીનાઓ કાન્તીભાઈ ના મર્ડરના કેસના આક્ષેપીત આરોપી હતા. એ વાતની મને ખબર નથી કે, સકીનાબેનના બેન શારદાબેન ગાંધીનગર મુકામે પોલીસ ખાતામાં નોકરી કરે છે. એ વાતની મને ખબર નથી કે, શારદાબેનના ઘરવાળા પોલીસ ખાતામાં પોલીસની ગાડી ચલાવે છે અને બનાવના દિવસે તેઓ બનાવવાળી જગ્યાએ પોલીસની ગાડી લઈને આવેલા. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપલો છે.

(૯.૬) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૫૬થી સાહેદ રણજીતભાઈ સુકાભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં ફ્રીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે . તેમજ વધુમાં, જણાવેલ છે કે, બનાવ સમયે ટોળુ હોય ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આરોપીઓને હુ હાલ ચોકકસ રીતે ઓળખી શકુ નહિ. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદ એ હકીકત કબૂલ કરેલ છે કે, બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫–૬ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં ૧૫–૨૦ મીનીટનો સમય થાય. એ વાતની મને ખબર નથી કે, સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા.પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના ૨૦ જેટલા માણસો હતા. **પથ્થરમારો થયો ત્યારે ૧૦૦ થી ૨૦૦ જેટલા માણસોનુ ટોળુ હાજર હતુ. ટોળામાં કોણ ચોકકસ શુ કરતા હતા તે હુ કહી શકુ નહિ.** એ વાતની મને ખબર નથી કે, નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. ગ્રામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. ફરીયાદી અમારા પો.સ્ટેશન સ્ટાફના માણસ છે. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

(૯.૭) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૫૭ થી સાહેદ રમેશભાઈ પુંજાજી પરમાર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં ફ્રીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો

જણાવેલ છે . તેમજ વધુમાં, જણાવેલ છે કે, બનાવ સમયે ટોળુ હોય ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આરોપીઓને હુ હાલ ચોકકસ રીતે ઓળખી શકુ નહિ. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, બનાવ વખતે હુ પો.સ્ટેશનમાં રાઈટર તરીકે ફરજ બજાવતો હતો. બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૩–૪ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં ૧૫–૨૦ મીનીટનો સમય થાય. એ વાતની મને ખબર નથી કે, સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના ૨૦ જેટલા માણસો હતા. એ વાત ખરી છે કે, પથ્થરમારો થયો ત્યારે ૧૦૦ થી ૨૦૦ માણસોનુ ટોળુ હાજર હતુ. ટોળામાં કોણ ચોકકસ શુ કરતા હતા તે હુ કહી શકુ નહિ. એ વાતની મને ખબર નથી કે, નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. ગ્રામ લોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. સાહેદ જણાવે છે કે, જે તે સમયે એ.ડી. નોધાયેલ હતી એફ.આઈ.આર. ફાટેલી ન હતી. ફરીયાદ ન નોધાતા આરોપીઓ વારં વાર ઈસરી પો.સ્ટેશન ફરીયાદ નોધાવવા માટે આવતા હતા. ફરીયાદી અમારા પો.સ્ટેશન સ્ટાફના માણસ છે. અન્ય સુચક પ્રશ્નોના જજવાબ સાહેદે નકારમાં આપેલા છે.

(૯.૮) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૫૮ થી સાહેદ મયુરભાઈ દીનુભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં

ફ્રીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે . તેમજ વધુમાં, જણાવેલ છે કે,બનાવ સમયે ટોળુ હોય ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આરોપીઓને હુ હાલ ચોકકસ રીતે ઓળખી શકુ નહિ. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, બનાવ બની ગયા બાદ અમો બનાવ સ્થળે પહોચેલા જેથી બનાવની મને કોઈ જાત માહિતી નથી. બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫–૬ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં ૧૫–૨૦ મીનીટનો સમય થાય. સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના ૨૦ જેટલા માણસો હતા. પથ્થરમારો થયો ત્યારે ૧૦૦ થી ૨૦૦ જેટલા માણસોનુ ટોળુ હાજર હતુ. ટોળામાં કોણ ચોકકસ શુ કરતા હતા તે હુ કહી શકુ નહિ. નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. એ વાતની મને ખબર નથી કે, ગ્રામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. ફરીયાદી અમારા પો.સ્ટેશન સ્ટાફના માણસ છે. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

(૯.૯) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૫૯ થી સાહેદ અનીલભાઈ રામાભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં ફ્રીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે . તેમજ વધુમાં, જણાવેલ છે કે,બનાવ સમયે ટોળુ હોય ઘણા

માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આરોપીઓને હુ હાલ ચોકકસ રીતે ઓળખી શકુ નહિ. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, બનાવ સમયે હુ મારા પો.સ્ટેશને હતો. બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫–૬ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં ૧૫–૨૦ મીનીટનો સમય થાય. સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. સકીનાબેનની ફરીયાદ અંગે પોલીસે જાણવાજોગ ફરીયાદ દાખલ કરેલી. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના ૨૦ જેટલા માણસો હતા. પથ્થરમારો થયો ત્યારે ૧૦૦ થી ૨૦૦ માણસોનુ ટોળુ હાજર હતુ. ટોળામાં કોણ ચોકકસ શુ કરતા હતા તે હુ કહી શકુ નહિ.એ વાતની મને ખબર નથી કે, નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. ગ્રામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. સાહેદ જણાવે છે કે, જે તે સમયે એ.ડી. નોધાયેલ હતી એફ.આઈ.આર. ફાટેલી ન હતી. ફરીયાદ ન નોધાતા આરોપીઓ વારંવાર ઈસરી પો.સ્ટેશન ફરીયાદ નોધાવવા માટે આવતા હતા. ફરીયાદી અમારા પો.સ્ટેશન સ્ટાફના માણસ છે. એ વાતની મને ખબર નથી કે, ફરીયાદી અને સકીનાબેન મામા–ફોઈના ભાઈ–બહેન છે. અન્ય સુચક પ્રષ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

**(૯.૧૦)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૬૦ થી સાહેદ અશ્વીનભાઈ વાલમભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની

સરતપાસમાં ફ્રીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે. તેમજ વધુમાં, જણાવેલ છે કે, બનાવ સમયે ટોળુ હોય ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આરોપીઓને હુ હાલ ચોકકસ રીતે ઓળખી શકુ નહિ. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫–૬ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં ૧૫–૨૦ મીનીટનો સમય થાય. એ વાતની મને ખબર નથી કે, સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના ૨૦ જેટલા માણસો હતા. પથ્થરમારો થયો ત્યારે ૧૦૦ જેટલા માણસોનુ ટોળુ હાજર હતુ. ટોળામાં કોણ ચોકકસ શુ કરતા હતા તે હુ કહી શકુ નહિ.એ વાતની મને ખબર નથી કે, નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. એ વાતની મને ખબર નથી કે, ગ્રામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. ફરીયાદી અમારા પો.સ્ટેશન સ્ટાફના માણસ છે. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

**(૯.૧૧)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૬૧ થી સાહેદ અલ્પેશકુમાર બચુભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં ફ્રીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે. તેમજ વધુમાં, જણાવેલ છે કે, બનાવ સમયે ટોળુ હોય ઘણા

માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આરોપીઓને હુ હાલ ચોકકસ રીતે ઓળખી શકુ નહિ. જયારે બચાવપક્ષની ઉલટતપમાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, બનાવ બની ગયા બાદ અમો બનાવ સ્થળે પહોચેલા. બનાવની જાત માહિતી નથી. બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫–૬ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં ૧૫–૨૦ મીનીટનો સમય થાય. એ વાતની મને ખબર નથી કે, સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના ૨૦ જેટલા માણસો હતા. પથ્થરમારો થયો ત્યારે ૧૦૦ થી ૨૦૦ માણસોનુ ટોળુ હાજર હતુ. **ટોળામાં કોણ ચોકકસ શુ કરતા હતા તે હુ કહી શકુ નહિ.** એ વાતની મને ખબર નથી કે, નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. એ વાતની મને ખબર નથી કે, ગ્રામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. ફરીયાદી અમારા પો.સ્ટેશન સ્ટાફના માણસ છે. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

**(૯.૧૨)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૬૨ થી સાહેદ બાબુભાઈ ધર્માભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં ફ્રીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે. તેમજ વધુમાં, જણાવેલ છે કે, બનાવ સમયે ટોળુ હોય ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આરોપીઓને હુ હાલ ચોકકસ રીતે ઓળખી

શકુ નહિ. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, **બનાવ બની ગયા બાદ અમો બનાવ સ્થળે પહોચેલા.** બનાવની જાત માહિતી નથી. બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫–૬ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં ૧૫–૨૦ મીનીટનો સમય થાય. એ વાતની મને ખબર નથી કે, સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના ૨૦ જેટલા માણસો હતા. પથ્થરમારો થયો ત્યારે ૧૦૦ થી ૨૦૦ માણસોનુ ટોળુ હાજર હતુ. ટોળામાં કોણ ચોકકસ શુ કરતા હતા તે હુ કહી શકુ નહિ. એ વાતની મને ખબર નથી કે, નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. એ વાતની મને ખબર નથી કે, ગ્ર ામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. ફરીયાદી અમારા પો.સ્ટેશન સ્ટાફના માણસ છે. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

**(૯.૧૩)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૬૪ થી સાહેદ સકીનાબેન રત્નાભાઈ ખરાડીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, આજથી આશરે ત્રણ–ચાર વર્ષ અગાઉ હુ તથા મારી વહુ ગીતાબેન ઘરે હાજર હતા તે દરમ્યાન કાન્તીભાઈ સળુભાઈ દારુ પી ને મરી ગયેલા હતા તે બાબતે આ કામના હાજર આરોપીઓ અમોને કહેતા હતા કે તમોએ કાન્તીભાઈને મારી નાખેલા છે ત્યારબાદ

પોલીસને આરોપીઓએ જાણ કરેલ હોય પોલીસ આવેલી અને કાન્તીભાઈને પોસ્ટમટમ સારુ લઈ ગયેલા હતા અને આરોપીઓ અમને કહેતા હતા કે તમારે અહીયા રહેવાનુ નથી ઘર છોડીને જતા રહો જેથી અમો ઘર છોડીને મારા પીયર જતા રહેલા. ત્યારબાદ અમારે ઘઉ તૈયાર થઈ ગયેલા હોય તેના વાઢવાની મંજુરી મેળવેલ હોય પોલીસ અમોને ઘરે પાછા મુકવા આવેલી ત્યારે આ કામના આરોપીઓ અમોના ઘરે પથ્થર મારો કરવા લાગેલા જે પથ્થરો મારવાથી અમારા ઘરના નળીયા તુટી ગયેલા અને આરોપીઓએ છાપરાને આગ લગાવી દિધેલી અને અમોને ઘઉ વાંઢવા દિધેલા નહિ અને અમારા ઘઉ આરોપીઓએ બાળી નાખેલા ત્યારબાદ અમો અમારા પીયર જતા રહેલા ત્યારબાદ કાન્તીભાઈનો મરણનો રીપોર્ટ આવેલ અને તેમાં તેઓ હાર્ટ એટેકથી મરણ ગયેલ છે તેવુ પોલીસે જણાવેલ અને અમોને પાછા ઓઢા ગામે અમારા ઘરે મુકવા આવેલી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો. આ કામના આરોપીઓને હુ ઓળખુ છુ જેઓ પૈકી કુલાભાઈ રૂપાભાઈ, ઈશ્વરભાઈ વિરજીભાઈ, પોપટભાઈ વિરજીભાઈ, બચુભાઈ રૂપાભાઈ, રાજુભાઈ કાળુભાઈ, સુનિલભાઈ અમરતભાઈ, કેવડાભાઈ બદાભાઈ, નટવરભાઈ નગજીભાઈ, સમુબેન નગજીભાઈ, રણજીતાબેન દિનેશભાઈ, વિમળાબેન ઈશ્વરભાઈ, મરીયમબેન કાન્તીભાઈ, મંજુલાબેન બાબુભાઈ, લીલાબેન અમરતભાઈ, પિનલબેન વનરાજભાઈ, પરથાભાઈ કાનાભાઈ, કાન્તીભાઈ મંગળાભાઈ, ઈશ્વરભાઈ વાલાભાઈ નાઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે. વનરાજભાઈ બચુભાઈ, અર્જુનભાઈ ઈશ્વરભાઈનાઓ પણ ટોળામાં હતા જેઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી.

સદર સાહેદ ફરીયાદપક્ષની ફરીયાદ હકીકતને સર્મથન કરતા ન હોય વિદ્વાન એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર

કરવાની પરવાનગી માંગતા, કોર્ટ દ્વારા પરવાનગી આપતા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ અને ફરીયાદપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, તા.૨૧/૦૩/૨૦૨૨ ના રોજ અમોએ પોલીસ રૂબરુ આરોપીઓ વિરુધ્ધ જવાબ લખાવેલો. તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજ બપોરના સાડા બારેક વાગ્યાના અરસામાં હુ તથા મારા પતિ તથા મારી વહુ ગીતાબેન તથા મારી બેન કૈલાશબેન રમેશભાઈ ભગોરા અમારા ઘરે ઘરવખરીનો સામાન લેવા ગયેલા અને ઘરમાંથી સરસામાન બહાર કાઢી ઘરની બાજુમાં ટ્રેકટર ઉભુ રાખી જેમાં ભરતા હતા તે વખતે ઓઢા ગામના આશરે ચાલીસેક માણસોનુ ટોળુ પથ્થર મારો કરતા તેમજ ટોળુ હિંસક બનતા પોલીસે માણસોને વિખેરાઈ જવા કહેલુ પરંતુ તેઓ વિખેરાયેલા નહિ અને હુ ઘરમાં સંતાઈ જતા ટોળુ વધારે ઉશ્કેરાઈ જતા પથ્થર મારો કરતા પોલીસે ટીયરગેસના સેલ ફોડેલા અને જે સંબંધે ઈસરી પો.સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ મુકેશભાઈ ધિરાભાઈનાઓએ ઓઢા ગામના આશરે ૩૦ થી ૪૦ અજાણ્યા માણસો વિરુધ્ધ ફરીયાદ આપેલી અને તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ અમારા ગામના કાન્તીભાઈ સળુભાઈ નિનામાનાઓ કાયમી દારુ પીવાની ટેવવાળો હોય અને તે દિવસે સવારના સાતેક વાગ્યાના અરસામાં અમો અમારા ઘરે હતા તે વખતે કાન્તીભાઈનાઓ અમારા ઘર નજીક પગવાટ ઉપર બેસી ગયેલ અને મારા દિકરા નરેશભાઈને કહેતો હતો કે તારો ભાઈ મહેશભાઈ મારી પત્નીને લઈ ગયેલ છે તેમ કહી ગાળો બોલતા હોય જેથી મારા દિકરો નરેશભાઈ તથા મારી વહુ ગીતાબેન બન્ને કાન્તીભાઈને બાવડામાં પકડી અમારા ઘરથી થોડેક દુર પગવાટ ઉપર મુકી ઘરે આવી ગયેલ અને મારા દિકરા નરેશનો દિકરો બીમાર હોય તેથી નરેશ તથા વહુ ગીતાબેન બન્ને દવા કરાવવા રેલ્લાવાડા બાજુ ગયેલ અને તે પછી થોડી વારમાં નિનામા કોમના માણસો મારા ઘર નજીક પગવાટ ઉપર આવ બુમો પાડી કહેતા હતા કે કાન્તીભાઈ સળુભાઈ

નિનામાને નરેશભાઈ રત્નાભાઈ ખરાડીનાએ મારી નાખી રસ્તા ઉપર મુકી દિધેલ છે તેવી બુમો પાડતા હોય જેથી મે ફોન કરી મારા દિકરા નરેશભાઈને આ બાબતે વાત કરેલી હતી અને તે પછી મારો દિકરો નરેશ બીકનો માર્યા તેની પત્ની ગીતાબેન તથા તેના દિકરા સાથે અંકલેશ્વર મારો દિકરો સંજયભાઈ હોસ્ટેલમાં રસોઈ કામ કરતો હોય ત્યાં જતો રહેલ અને મારા દિકરાએ કાન્તીભાઈને કોઈ માર મારેલ ન હોય અને કોઈ ગુન્હો કરેલ ન હોય જેથી તે તા.૧૨/૦૨/૨૦૨૨ના રોજ ઈસરી પો.સ્ટેશને હાજર થયેલો હતો અને અમારા ગામના નિનામા કોમના માણસોની વસ્તી વધારે હોય અને અમોને તેવોનો ડર લાગતો હોય જેથી અમો અમારા પરીવાર સાથે મારા ભાઈ નાનજીભાઈના ઘરે ધોરવાડા મુકામે રહેતા હતા અને કાન્તીભાઈના મોત બાબતે મારા દિકરા નરેશભાઈ ઉપર નિનામા કોમના માણસો શંકા વહેમ કરતા હોય જેથી અમો ગામમાં હાલ જવા માંગતા ન હોય પરંતુ અમારા ઘરનો સરસામાન તેમજ અનાજ વિગરે અમારા ઘરે ઓઢા ગામે હોય તેથી મે સરસામાન મેળવવા માટે પોલીસ બંધોબસ્તની માંગણી બાબતે તા.૧૯/૦૩/૨૦૨૨ ના રોજ અરજી આપતા ઈસરી પો.સ્ટેશના પોલીસના માણસો સાથે તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજ હુ તથા મારા પતિ તથા મારી વહુ ગીતાબેન તથા મારી બહેન કૈલાશબેન રમેશભાઈ ભગોરા સાથે ઓઢા ગામે આવી અમારુ ઘર ખોલી ઘરમાંથી સર સામાન બહાર કાઢી ઘર નજીક ઉભેલ ટ્રેકટરમાં સરસામાન ભરતા હતા તે વખતે બપોરના સાડા બાર વાગ્યાના અરસામાં ઓઢા ગામના ઉપરોકત સરતપાસમાં જણાવ્યા નામ સિવાયના બીજા અમરતભાઈ રૂપાભાઈ, શંકરભાઈ સોમાભાઈ બામણા, પારસભાઈ ઈશ્વરભાઈ નિનામા, નિલમભાઈ ઈશ્વરભાઈ નિનામા, લક્ષ્મણભાઈ જીવાભાઈ નિનામા, દિનેશભાઈ સુરજીભાઈ નિનામા, આશાબેન વનરાજભાઈ નિનામા, કમલેશભાઈ પોપટભાઈ નિનામા,

યોગેશભાઈ કુલાભાઈ નિનામા, લાલાભાઈ કુલાભાઈ નિનામા, મહેશભાઈ કુલાભાઈ નિનામા, ગૌરી લક્ષ્મણભાઈ નિનામા, રંજનબેન દિનેશભાઈ નિનામા, સુનિલ અમરતભાઈ નિનામા, અજયભાઈ અમરતભાઈ નિનામા, પં કજભાઈ કાવાભાઈ રોત, નટુભાઈ વાલાભાઈ તરાર, પ્રતાપભાઈ કાનાભાઈ તરાર, જયંતિભાઈ કમાભાઈ ખરાડી, સંદિપભાઈ જીવાભાઈ ખરાડી, રાજેશભાઈ કાનાભાઈ પાંડોર, બાબુભાઈ રૂપાભાઈ નિનામા તથા ઓઢા ગામના આશરે દસેક સ્ત્રી–પુરુષ માણસોનુ ટોળુ છુટ્ટા પથ્થરો નાખતા હતા તે વખતે ઈસરી પો.સ્ટેશનના માણસોએ ટોળાને વિખેરાઈ જવા સમજાવતા ટોળુ માનેલ નહિ અને આક્રોશમાં આવી અમારા ગામના માણસો તથા ટ્રેકટર ઉપર તથા પોલીસના માણસો ઉપર પથ્થરમારો કરતા પરીસ્થીતી વણસી ગયેલી અને મારી વહુ ગીતાબેન તથા મારા પતિ તથા મારી બહેન કૈલાશબેન ઘર છોડી દુર જતા રહેલ અને હુ મારા ઘરમાં સંતાઈ ગયેલ અને પથ્થર મારો ચાલુ હોય ટોળાને કાબુમાં લાવવા માટે પોલીસે ટીયરગેસના સેલ હવામાં છોડેલ તે પછી ટોળુ વિખેરાઈ ગયેલ.

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે,હુ અભણ છુ. સાહેદે તેવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ બન્યો તે પહેલા કાન્તીભાઈ સળુભાઈની પત્ની મારા દિકરા મહેશભાઈને ભગાડી લઈ ગયેલી, કાન્તીભાઈનાઓ નરેશભાઈના ઘરે જઈ ઉશ્કેરાઈ જઈ કહેલ કે મારી પત્ની કયાં મુકી આવેલ છે તેમ કહેતા નરેશભાઈ અને તેની પત્ની ઉશ્કેરાઈ ગયેલા અને બોલાચાલી કરી કાન્તીભાઈને મારી નાખેલા, અમરતભાઈ રૂપાભાઈએ મારા દિકરા વિરુધ્ધ પોલીસામાં ફરીયાદ આપેલી. સાહેદ કબુલે છે કે, મારા દિકરા વિરુધ્ધ પોલીસમાં ફરીયાદ આપવા ૮ થી ૧૦ જણા ગયેલો. સાહેદ જણાવે છે કે, તે ખોટુ છે. સાહેદ કબુલે છે કે, આરોપી વિમળાબેન મારાથી નાની સગી બહેન છે. સાહેદે તેવી હકીકતનો ઈન્કાર કરેલ

છે કે, મુકેશભાઈ ધિરાભાઈ મારા ફોઈના દિકરા થાય છે. મુકેશભાઈ ધિરાભાઈ મારા કોઈ સગા થતા નથી. સાહેદ કબુલે છે કે, બનાવના દિવસે બીજા કોઈકનુ ગામમાં બારમુ હતુ. આ બારમામાં ૫૦૦ થી ૧૦૦૦ માણસો ભેગા થયેલા. સાહેદ જણાવે છે કે, બારમુ બીજા ગામમાં હતુ. બનાવ સમયે ટોળુ આવી પથ્થરમારો કરતુ હોય હુ ઘરમાં સંતાઈ ગયેલી. **કોણે કેવી રીતે પથ્થર નાખ્યા તે હુ ઘરમાં સંતાઈ ગયેલ હોય કહી શકુ નહિ.** શારદાબેન મારા બહેન થાય છે તે પોલીસ ખાતામાં નોકરી કરે છે અને તેમના પતિનુ નામ જગદિશભાઈ છે અને તેવો પણ પોલીસ ખાતામાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. બનાવ સમયે તેવો ગાંધીનગર મુકામે નોકરી કરતા હતા. જગદિશભાઈ બનાવ બન્યો ત્યારે બે વખત સરકારી ગાડી લઈ બનાવવાળી જગ્યાએ આવેલા. જગદિશભાઈ સાથે શારદાબેન આવેલા. સાહેદ જણાવે છે કે, તેવો મને મળેલા નહિ કે મે જોયેલા નથી. **બનાવ બાદ મારુ ઢાળીયુ બળી ગયેલુ. મારુ ઢાળીયુ બનાવના એક અઠવાડીયા બાદ બળી ગયેલુ.** કાન્તીભાઈનુ મરણ થયુ અને મારુ ઢાળીયુ બળી ગયુ તેનો પોલીસે મારો જવાબ લીધેલો. તે પછી પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નથી. હાલના બનાવની ફરીયાદ અમારા ઘરના કોઈએ આપેલ નથી. આરોપીઓ મારા વિરુધ્ધ કાન્તીભાઈ સળુભાઈ મરી ગયા તે અંગે ફરીયાદ આપવા પોલીસ સ્ટેશનમાં વારંવાર જતા હતા. આરોપીઓ કાન્તીભાઈને ગુપ્ત ભાગે બોથડ પ્રદાર્થ વડે નરેશભાઈએ માર મારી મારી નાખેલ તેવી હકીકત કહેતા હતા. આ કામના આરોપીઓ બધા મારા ગામના થાય છે જેથી તેવોને બનાવ પહેલેથી ઓળખુ છુ. સાહેદે એવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મુકેશભાઈ અને અમોએ કાન્તીભાઈના મર્ડરની ફરીયાદ દબાવી દેવા હાલની આરોપીઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે, શારદાબેન અને જગદિશભાઈ પોલીસ સ્ટેશનમાં બેસી આરોપીઓ વિરુધ્ધની તમામ કાર્યવાહી કરેલી,

શારદાબેન અને જગદિશભાઈ બનાવવાળી જગ્યાએ પોલીસને લઈને આવેલા, નરેશભાઈ અને તેની પત્ની ગીતાબેન કાન્તીભાઈનુ ખુન કરી અંકલેશ્વર ભાગી ગયેલા. સાહેદ કબુલે છે કે, બનાવમાં કોઈ વ્યકિતને પથ્થર વાગેલ હોય અને સારવાર લીધેલ હોય તેવુ બનેલ નથી. સાહેદે અન્ય સુચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલા છે.

**(૯.૧૪)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૬૬ થી સાહેદ ગીતાબેન નિરંજનભાઈ ખરાડીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,આજથી આશરે ત્રણ–ચાર વર્ષ અગાઉ હુ મારા પરિવાર સાથે ઘરે હાજર હતી તે વખતે કાંન્તીભાઈ સળુભાઈ નીનામાનાઓ મારા ઘર પાસેના રસ્તા પર ગાળો બોલતા હતા જેથી મે તેઓને ગાળો બોલવાની ના પાડેલ અને અહીથી જતા રહો તેમ કહેલ અને મારા દીકરીને સ્કુલે જવાનો સમય થતો હોય તેને સ્કુલે મુકી મારો છોકરો બીમાર હોય હુ તથા મારા પતિ બન્ને જણ મારા દીકરાને રેલ્લાવાડે દવાખાને સારવાર સારુ લઈ ગયેલા. ત્યારબાદ અમો પાછળ ગામમાં શુ થયુ તેની મને ખબર નથી. આ બનાવ બાબતે પોલીસે અમારો જવાબ લીધેલો. હવે હુ જણાવુ છુ કે મારા સાસુ સસરા અમારો સામાન લેવા માટે ઓઢા ગામે આવેલ ત્યારે હુ તથા કૈલાશબેન મારા માસી તથા મજુરો સાથે ગયેલ ત્યારે આ કામના આરોપીઓએ અમોની ઉપર હુમલો કરેલો અને પથ્થર મારો કરેલો જેથી અમોએ સામાન ભરેલ નહી અને પોલીસ વાળાઓએ ત્યાથી જતા રહેવાનુ કહેતા બનાવ સ્થળેથી ઘર છોડી દુર જતા રહેલા. જે વ્યકિતોઓએ મારા ઘરે પથ્થર મારો કરેલો તેઓને હુ ઓળખી શકુ. જે પૈકી પ્રતાપભાઈ કાનાભાઈ તરાળ, ઈશ્વરભાઈ વિરજીભાઈ, વિમળાબેન ઈશ્વરભાઈ, નિલમબેન ઈશ્વરભાઈ, પોપટભાઈ વિરજીભાઈ,

અમરતભાઈ રૂપાભાઈ નીનામા, રમીલાબેન અમરતભાઈ નીનામા, મંજુલાબેન બાબુભાઈ નીનામા, બચુભાઈ રૂપાભાઈ નીનામા, વનરાજભાઈ બચુભાઈ નીનામા, આશાબેન વનરાજભાઈ નીનામા, સમુબેન મનજીભાઈ વગાત, દીનેશભાઈ સુરજીભાઈ નીનામા,કુલાભાઈ રૂપાભાઈ, યોગેશભાઈ કુલાભાઈ નીનામા,મહેશભાઈ કુલાભાઈ નીનામા, સવિતાબેન કુલાભાઈ નીનામા, રાજુભાઈ કાળાભાઈ પાંડોર, જયંતિભાઈ કમજીભાઈ ખરાડી,પ્રેમીલાબેન વિશ્ર ામભાઈ ખરાડી, કેવડાભાઈ બદાભાઈ રોત, તે સીવાયના કોર્ટમાં જે હાજર છે તે બધા હતા જેઓના નામ મને ખબર નથી પરંતુ જોયેથી ઓળખી બતાવુ છું . જેઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર છે. જે પૈકી આરોપી નં.૧૨ હાજર નથી તથા ફો.કેસ નં. ૯૨૪/૨૦૨૩ ના આરોપી નં. ૧થી ૩ તથા ફો.કેસ.નં. ૭૭૯/૨૦૨૫ ના આરોપી નં. ૪ ,૮ અને ૯ તથા ફો.કેસ.નં. ૯૯૨/૨૦૨૩ ના આરોપી નં. ૬ હાજર નથી તેમની હાજરી મુકિતનો રીપોર્ટ આપી ઓળખની તકરાર જતી કરેલ છે.

સદર સાહેદ ફરીયાદપક્ષની ફરીયાદ હકીકતને સર્મથન કરતા ન હોય વિદ્વાન એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ફ્રરીયાદપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતા સાહેદ કબુલે છે કે, મે પોલીસ રુબરુ તા.૨૧ /૩/૨૨ ના રોજ નીવેદન લખાવેલ. મે મારા નીવેદનમા એવી હકીકત લખાવેલ કે, ''તા.૨૦/૩/૨૨ ના રોજ બપોરના આશરે સાડા બારેક વાગ્યાના અરસામા હુ તથા મારા સાસુ સસરા તથા મારી માસીજી કૈલાસબેન રમેશભાઈ ભગોરા રહે.કુડોલ ધાટાચ તા.મોડાસા વિગેરેનાઓ ઓઢા ગામે અમારા ગામે ઘરવખરી સરસામાન લેવા ગયેલ અને ઘરમાથી સરસામાન બહાર કાઢી ઘરની બાજુમા ટ્રેકટર ઉભુ રાખેલ જેમા સામાન ભરતા હતા તે વખતે ઓઢા ગામના આશરે ચાલીસેક માણસોનુ ટોળુ પથ્થરમારો કરતા તેમજ ટોળુ હીસક

બનતા પોલીસે ટોળાના માણસોને વિખેરાઈ જવા કહેતા વિખેરાયેલ નહી અને મારી સાસુ ઘરમા સંતાઈ જતા ટોળુ વધારે ઉશકેરાઈ જઈ પથ્થરમારો કરતા પોલીસે ટીયર ગેસના સેલ ફોડેલ જે સબધે ઈસરી પોલીસ સ્ટેશનના પોલીસ કોસ્ટેબલ મુકેશભાઈ ધીરાભાઈનાઓએ ઓઢાગામના આશરે ત્રીસ થી ચાલીસ અજાણ્ગયા સ્ત્રી પુરુષોના માણસોના ટોળા વિરુધ ફરીયાદ આપેલ જે સં બધે પુછપરછ કરતા લખાવેલ કે તા.૧૦/૨/૨૨ ના રોજ અમારા ગામના કાં તીભાઈ સળુભાઈ નીનામા નાઓ કાયમી દારુ પીવાની ટેવ વાળા હોય અને તે દીવસે સવારના આશરે સાતેક વાગ્યાના અરસામા હુ તથા મારા પતી અમારા ઘરે હાજર હતા તે વખતે કાતીભાઈ નાઓ અમારા ઘર નજીક પગવાટ ઉપર બેસી ગયેલ અને તે મારા પતીને કહેતો હતો કે તારો ભાઈ મહેશભાઈ મારી પત્ની ને લઈ ગયેલ છે તેમ કહી ગાળો બોલતો હોય જેથી હુ તથા મા રા પતી બને કાંતીભાઈને બાવડામા પકડી અમારા ઘરથી થોડે દુર પગવાટ ઉપર મુકી ઘરે આવી ગયેલ'' ,''અમારા ગામના નીનામા કોમના માણસોની વસ્તી વધારે હોય અને અમોને તેઓનો ડર લાગતો હોય જેથી અમો મારા મામાજી નાનજીભાઈ ના ઘરે ધોરવાડા મુકામે રહેતા હતા અને કાંતીભાઈના મોત બાબતે મારા પતી ઉપર નીનામા કોમના માણસો શકા વહેમ કરતા હોય જેથી અમો ગામમાં હાલમા જવા માગતા ન હોય પરંતુ અમારા ઘરનો સરસામાન તેમજ અનાજ વિગેરે અમારા ઘરે ઓઢા ગામે હોય જેથી મારી સાસુએ સરસામાન મેળવવા બાબતે પોલીસ બંદોબસ્ત ની માગણી બાબતે તા.૧૯/૩/૨૨ ના રોજ અરજી આપતા ઈસરી પોલીસ સ્ટે.ના પોલીસ ના માણસો સાથે તા.૨૦/૩/૨૨ ના રોજ હુ મારી સાસુ સકીનાબેન રત્નાજી ખરાડી, મારા સસરા રત્નાજી હાજાજી ખરાડી તથા કૈલાસબેન રમેશભાઈ ભગોરા નાઓ ઓઢા ગામે આવી અમારુ ઘર ખોલી ઘરમાથી સરસામાન બહાર કાઢી ઘર નજીક ઉભેલ ટ્રેકટર મા સરસામાન ભરતા હતા

તે વખતે બપોરના સાડા બારેક વાગ્યાના અરસામા ઓઢા ગામના અર્જુનભાઈ ઈશ્વરભાઈ નીનામા, શંકરભાઈ સોમાભાઈ બામણા, પારસભાઈ ઈશ્વરભાઈ નીનામા, લક્ષ્મણ ભાઈ જીવાભાઈ નીનામા, કાંતીભાઈ મગળાભાઈ નીનામા, નટુભાઈ નગજીભાઈ વગાર, કમલેશભાઈ પોપટભાઈ નીનામા, મરીચમબેન કાતીભાઈ નીનામા તથા ઓઢા ગામના બીજા આશરે વીસેક સ્ત્રી પુરુષ નુ ટોળુ ટ્રેકટર ઉપર છુટા પથ્થર નાખતા હતા તે વખતે ઈસરી પો.સ્ટેના માણસોએ ટોળાને વિખેરાઈ જવા સમજાવતા ટોળુ માનેલ નહી અને અક્રોશમા આવી અમારા ઘરના માણસો તથા ટ્રેકટર ઉપર તથા પોલીસના માણસો ઉપર પથ્થર મારો કરતા પરીસ્થીતી વણસી ગચેલ અને અમો ઘર છોડી દુર જતા રહેલ અને મારી સાસુ ઘરમા સંતાઈ ગચેલ હોચ અને પથ્થરમારો ચાલુ હોચ જેથી ટોળાને કાબુમા લાવવા માટે પોલીસે ટીચરગેસના સેલ હવામા છોડેલ તે પછી ટોળુ ત્યાથી વિખેરાઈ ગચેલ.''

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,હુ ધોરણ ૭ સુધી ભણેલ છુ. આ કામના આરોપીઓ મારા ગામના થતા હોચ તેઓને પહેલેથી ઓળખુ છુ. કાંતીભાઈ સળુભાઈ નીનામાનુ અમારા ગામમા મર્ડર થચેલ. આ મર્ડર થચુ તે સમચે કાંતીભાઈ સળુભાઈ અમારા ઘરની વાડ પાસે આવેલા અને તમારો મહેશ મારી પત્નીને ભગાડી ગચો છે તો લાવી આપો તેવુ કહેતા હતા. કાંતીભાઈ સળુભાઈ નીનામા નાઓનુ મર્ડર થચેલ છે તે બાબતે મારા પતી નરેશભાઈ રત્નાભાઈ અને મારી ઉપર ઈસરી પોલીસ સ્ટેશનમા અમરતભાઈ રુપાભાઈએ ફરીચાદ આપેલી. શારદાબેન મારા માસી સાસુ થાચ છે તે પોલીસ ખાતામાં નોકરી કરે છે. મુકેશભાઈ ધીરાભાઈ અમારા શુ સગા થાચ તેની મને ખબર નથી. બનાવ વખતે હુ અને મારા પતી મારા દીકરાને લઈ રેલ્લાવાડા દવાખાને ગચેલા. **કાંતીભાઈ સળુભાઈ મરણ ગચા બાદ પોલીસે મારો જવાબ લીધેલો તે શીવાચ બીજી કોઈ વખત પુછપરછ**

**કરેલી નહી.** બનાવ સમયે ગામ લોકોનુ મોટુ ટોળુ ભેગુ થઈ ગયેલુ તેવુ મારી સાસુએ ફોન પર જણાવેલુ. સકીનાબેન શારદાબેન ની નાની બહેન થાય છે. એ વાતની મને ખબર નથી કે કાંતીભાઈ નુ મર્ડર થયુ તેની ફરીયાદ દબાવવા શારદાબેન અને મુકેશભાઈએ મળી હાલની ફરીયાદ આપેલી. પ્રતાપભાઈ કાનાભાઈ તરાળ, નિલમબેન ઈશ્વરભાઈ, પોપટભાઈ વિરજીભાઈ, રમીલાબેન અમરતભાઈ નીનામા, મંજુલાબેન બાબુભાઈ નીનામા, સમુબેન મનજીભાઈ વગાત, યોગેશભાઈ કુલાભાઈ નીનામા,મહેશભાઈ કુલાભાઈ નીનામા, સવિતાબેન કુલાભાઈ નીનામા, રાજુભાઈ કાળાભાઈ પાંડોર, જયંતિભાઈ કમજીભાઈ ખરાડી,પ્રેમીલાબેન વિશ્રામભાઈ ખરાડી, કેવડાભાઈ બદાભાઈ રોત વાળા નામો મારા પોલીસ જવાબમા લખાવેલ નથી. સાહેદે અન્ય સુચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલા છે.

**(૯.૧૫)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક-૬૮ થી સાહેદ ગીતાબેન અમૃતભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં ફ્રીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે . તેમજ વધુમાં, જણાવેલ છે કે, બનાવ સમયે ટોળુ હોય ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આરોપીઓને હુ હાલ ચોકકસ રીતે ઓળખી શકુ નહિ. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫-૬ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં ૧૫-૨૦ મીનીટનો સમય થાય. એ વાતની મને ખબર નથી કે, સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની

ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના ૨૦ જેટલા માણસો હતા. પથ્થરમારો થયો ત્યારે ૧૦૦ થી ૨૦૦ જેટલા માણસોનુ ટોળુ હાજર હતુ. ટોળામાં કોણ ચોકકસ શુ કરતા હતા તે હુ કહી શકુ નહિ. એ વાત ખરી નથી કે, મારુ નિવેદન રાઈટરે જાત કોમ્પ્યુટરમાં લખી લીધેલુ. એ વાતની મને ખબર નથી કે, નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. એ વાત મને યાદ નથી કે, ગ્રામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. કહેવાતા બનાવ સમયે અમો પોલીસ સ્ટેશન હતા ત્યારબાદ અમોને જાણ કરતા અમો બનાવવાળી જગ્યાએ પહોચેલા. એ વાતની મને ખબર નથી કે, ફરીયાદી મુકેશભાઈએ સકીનાબેનના ફોઈના છોકરા થાય છે. આ કામના ફરીયાદી અમારા સહકર્મચારી છે. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

**(૯.૧૬)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૬૯ થી સાહેદ પ્રતીક્ષાબેન મનોજભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં ફરીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે . તેમજ વધુમાં, જણાવેલ છે કે, બનાવ સમયે ટોળુ હોય ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આરોપીઓને હુ હાલ ચોકકસ રીતે ઓળખી શકુ નહિ. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫–૬ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં ૧૫–૨૦ મીનીટનો સમય થાય. એ વાતની મને ખબર નથી કે, સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની

ફરીયાદ સકીનાબેને આપેલી. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના ૨૦ જેટલા માણસો હતા. **પથ્થરમારો થયો ત્યારે ૧૦૦ થી ૨૦૦ જેટલા માણસોનુ ટોળુ હાજર હતુ. ટોળામાં કોણ ચોકકસ શુ કરતા હતા તે હુ કહી શકુ નહિ.** એ વાતની મને ખબર નથી કે, નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. એ વાત મને યાદ નથી કે, ગ્રામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. કહેવાતા બનાવ સમયે અમો પોલીસ સ્ટેશન હતા ત્યારબાદ અમોને જાણ કરતા અમો બનાવવાળી જગ્યાએ પહોચેલા. એ વાતની મને ખબર નથી કે, ફરીયાદી મુકેશભાઈએ સકીનાબેનના ફોઈના છોકરા થાય છે. આ કામના ફરીયાદી અમારા સહકર્મચારી છે. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

**(૯.૧૭)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૭૧ થી સાહેદ લક્ષ્મીબેન કાવજીભાઈ નીનામાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં ફ્રીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે . તેમજ વધુમાં, જણાવેલ છે કે, બનાવ સમયે ટોળુ હોય ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આરોપીઓને હુ હાલ ચોકકસ રીતે ઓળખી શકુ નહિ. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન અંદાજીત ૫–૬ કી.મી. દુર આવેલ છે. બનાવ સ્થળે જવુ હોય તો પોલીસ સ્ટેશનથી ગાડીમાં ૧૫–૨૦ મીનીટનો સમય થાય. એ વાતની

મને ખબર નથી કે, સકીનાબેનનુ ઢાળીયું બળી ગયેલુ તેની ફરીયાદ સકીનાબેને આપેલી. બનાવ સ્થળે પોલીસના માણસો બે પોલીસ ગાડીમાં આવેલ અને અન્ય માણસો પ્રાઈવેટ વાહનમાં આવેલા. પોલીસની ગાડી તેમજ પ્રાઈવેટ વાહનોના નંબર મે મારા પોલીસ જવાબમાં જણાવેલા નથી. કહેવાતો આક્ષેપીત બનાવ બન્યો તે વખતે અમો પોલીસના ૨૦ જેટલા માણસો હતા. બનાવ બની ગયા બાદ અમો સ્થળ ઉપર પહોચેલા. પથ્થરમારો થયો ત્યારે ૧૦૦ થી ૨૦૦ જેટલા માણસોનુ ટોળુ હાજર હતુ. **હુ કોઈ માણસોને ઓળખી શકુ નહી.** એ વાત ની મને ખબર નથી કે બનાવ સ્થળની નજીકમાં કોઈકનુ બારમુ હતુ અને તે પ્રસંગે બધા લોકો ભેગા થયેલ હતા. **ટોળામાં કોણ ચોકકસ શુ કરતા હતા તે હુ કહી શકુ નહિ.** એ વાતની મને ખબર નથી કે, નરેશભાઈ રત્નાભાઈ ખરાડીએ સકીનાબેનનો પુત્ર છે. એ વાત મને યાદ નથી કે, ગ્રામલોકોએ નરેશભાઈ રત્નાભાઈ ખરાડી ઉપર કાન્તીભાઈ મરણ ગયેલ જેના આક્ષેપિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપતા હતા. કહેવાતા બનાવ સમયે અમો પોલીસ સ્ટેશન હતા ત્યારબાદ અમોને જાણ કરતા અમો બનાવવાળી જગ્યાએ પહોચેલા. એ વાતની મને ખબર નથી કે, ફરીયાદી મુકેશભાઈએ સકીનાબેનના ફોઈના છોકરા થાય છે. આ કામના ફરીયાદી અમારા સહકર્મચારી છે. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

**(૯.૧૮)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૭૪ થી સાહેદ રત્નાભાઈ હાજીભાઈ ખરાડીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, આજથી આશરે ત્રણ વર્ષ અગાઉ કાન્તીભાઈ સળુભાઈ નિનામા દારુ પી ને મરી ગયેલા હતા તે બાબતે આ કામના આરોપીઓએ મારા દિકરા નરેશભાઈ ઉપર આરોપ નાખેલ

કે તમોએ કાન્તીભાઈને મારી નાખેલા અને એ બાબતે પોલીસમાં આરોપીઓ કુલાભાઈ રૂપાભાઈ, અમરતભાઈ રૂપાભાઈનાઓએ અમારી ઉપર કેસ કરેલો અને ત્યારબાદ હોળી ઉપર અમો અમારા ગામમાં ઘઉ વાઢવા માટે ગયેલા ત્યારે આ કામના આરોપીઓએ અમારી ઉપર પથ્થરમારો કરેલો અને તે વખતે અમોને પોલીસ બંદોબસ્ત ફાળવેલ હતો તે પથ્થર પોલીસને લાગેલા જેથી પોલીસ ે ટીયરગેસ છોડેલા તે સિવાય બીજુ કાંઈ બનેલ નથી. પોલીસે મારો જવાબ લીધેલો. આ કામના આરોપીઓને હુ ઓળખુ છુ લાલાભાઈ કુલાભાઈ, યોગેશભાઈ કુલાભાઈ, શમુબેન નગજીભાઈ, બચુભાઈ, રાજેશભાઈ નાઓ બનાવ સમયે બનાવ સ્થળે હાજર હતા તેઓને મે જોયેલા જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે. આ સિવાય બીજા માણસો હતા પરંતુ તે જોવામાં હતા.

સદર સાહેદ ફરીયાદપક્ષની ફરીયાદ હકીકતને સર્મથન કરતા ન હોય વિદ્વાન એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવાની પરવાનગી માંગતા તેઓને પરવાનગી આપતા સદર સાહેદની ફરીયાદપક્ષે વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં સાહેદે કબુલેલ છે કે, તા.૨૧ /૦૩/૨૦૨૨ ના રોજ અમોએ પોલીસ રૂબરુ આરોપીઓ વિરુધ્ધ જવાબ લખાવેલો. તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજ બપોરના આશરે સાડા બારેક વાગ્યાના અરસામાં હુ તથા મારી પત્ની સકીનાબેન તથા મારી વહુ ગીતાબેન તથા મારી સાળી કૈલાશબેન રમેશભાઈ ભગોરા અમારા ઘરે ઘરવખરીનો સામાન લેવા ગયેલા અને ઘરમાંથી સરસામાન બહાર કાઢી ઘરની બાજુમાં ટ્રેકટર ઉભુ રાખી જેમાં ભરતા હતા તે વખતે ઓઢા ગામના આશરે ચાલીસેક માણસોનુ ટોળુ પથ્થર મારો કરતા તેમજ ટોળુ હિંસક બનતા પોલીસે માણસોને વિખેરાઈ જવા કહેલુ પરંતુ તેઓ વિખેરાયેલા નહિ અને અમો ઘરમાં સંતાઈ જતા ટોળુ વધારે ઉશ્કેરાઈ જતા પથ્થર મારો કરતા પોલીસ

ે ટીયરગેસના સેલ ફોડેલા અને જે સંબંધે ઈસરી પો.સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ મુકેશભાઈ ધિરાભાઈનાઓએ ઓઢા ગામના આશરે ૩૦ થી ૪૦ અજાણ્યા માણસો વિરુધ્ધ ફરીયાદ આપેલી અને તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ અમારા ગામના કાન્તીભાઈ સળુભાઈ નિનામાનાઓ કાયમી દારુ પીવાની ટેવવાળો હોય અને તે દિવસે સવારના સાતેક વાગ્યાના અરસામાં અમો અમારા ઘરે હતા તે વખતે કાન્તીભાઈનાઓ અમારા ઘર નજીક પગવાટ ઉપર બેસી ગયેલ અને મારા દિકરા નરેશભાઈને કહેતો હતો કે તારો ભાઈ મહેશભાઈ મારી પત્નીને લઈ ગયેલ છે તેમ કહી ગાળો બોલતા હોય જેથી મારા દિકરો નરેશભાઈ તથા મારી વહુ ગીતાબેન બન્ને કાન્તીભાઈને બાવડામાં પકડી અમારા ઘરથી થોડેક દુર પગવાટ ઉપર મુકી ઘરે આવી ગયેલ અને મારા દિકરા નરેશનો દિકરો બીમાર હોય તેથી નરેશ તથા વહુ ગીતાબેન બન્ને દવા કરાવવા રેલ્લાવાડા બાજુ ગયેલ અને તે પછી થોડી વારમાં નિનામા કોમના માણસો મારા ઘર નજીક પગવાટ ઉપર આવી બુમો પાડી કહેતા હતા કે કાન્તીભાઈ સળુભાઈ નિનામાને નરેશભાઈ રત્નાભાઈ ખરાડીનાએ મારી નાખી રસ્તા ઉપર મુકી દિધેલ છે તેવી બુમો પાડતા હોય જેથી મારી પત્નીએ ફોન કરી મારા દિકરા નરેશભાઈને આ બાબતે વાત કરેલી હતી અને તે પછી મારો દિકરો નરેશ બીકનો માર્યા તેની પત્ની ગીતાબેન તથા તેના દિકરા સાથે અંકલેશ્વર સં જયભાઈ હોસ્ટેલમાં રસોઈ કામ કરતો હોય ત્યાં જતો રહેલ અને મારા દિકરાએ કાન્તીભાઈને કોઈ માર મારેલ ન હોય અને કોઈ ગુન્હો કરેલ ન હોય જેથી તે તા.૧૨/૦૨/૨૦૨૨ના રોજ ઈસરી પો.સ્ટેશને હાજર થયેલો હતો અને અમારા ગામના નિનામા કોમના માણસોની વસ્તી વધારે હોય અને અમોને તેવોનો ડર લાગતો હોય જેથી અમો અમારા પરીવાર સાથે મારા સાળા નાનજીભાઈના ઘરે ધોરવાડા મુકામે રહેતા હતા અને કાન્તીભાઈના મોત બાબતે મારા દિકરા નરેશભાઈ ઉપર નિનામા કોમના

માણસો શંકા વહેમ કરતા હોય જેથી અમો ગામમાં હાલ જવા માંગતા ન હોય પરંતુ અમારા ઘરનો સરસામાન તેમજ અનાજ વિગરે અમારા ઘરે ઓઢા ગામે હોય તેથી મારી પત્ની સકીનબેને સરસામાન મેળવવા માટે પોલીસ બં ધોબસ્તની માંગણી બાબતે તા.૧૯/૦૩/૨૦૨૨ ના રોજ અરજી આપતા ઈસરી પો.સ્ટેશના પોલીસના માણસો સાથે તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજ હુ તથા મારી પત્ની સકીનાબેન તથા મારી વહુ ગીતાબેન તથા મારી સાળી કૈલાશબેન રમેશભાઈ ભગોરા સાથે ઓઢા ગામે આવી અમારુ ઘર ખોલી ઘરમાં થી સર સામાન બહાર કાઢી ઘર નજીક ઉભેલ ટ્રેકટરમાં સરસામાન ભરતા હતા તે વખતે બપોરના સાડા બાર વાગ્યાના અરસામાં ઓઢા ગામના ઉપરોકત સરતપાસમાં જણાવ્યા નામ સિવાયના બીજા ઈશ્વરભાઈ વિરજીભાઈ, અમરતભાઈ રૂપાભાઈ, અર્જુનભાઈ ઈશ્વરભાઈ, શં કરભાઈ સોમાભાઈ બામણા, વિમળાબેન ઈશ્વરભાઈ, પારસભાઈ ઈશ્વરભાઈ નિનામા, નિલમભાઈ ઈશ્વરભાઈ નિનામા, વનરાજભાઈ બચુભાઈ, દિનેશભાઈ સુરજીભાઈ, પોપટભાઈ વિરજીભાઈ, કાન્તીભાઈ મંગળાભાઈ, આશાબેન વનરાજભાઈ નિનામા, નટવરભાઈ નગજીભાઈ, કમલેશભાઈ પોપટભાઈ નિનામા, મરીયમબેન કાન્તીભાઈ, યોગેશભાઈ કુલાભાઈ નિનામા, લાલાભાઈ કુલાભાઈ નિનામા, મહેશભાઈ કુલાભાઈ નિનામા, ગૌરી લક્ષ્મણભાઈ નિનામા, રંજનબેન દિનેશભાઈ નિનામા, સુનિલ અમરતભાઈ નિનામા, અજયભાઈ અમરતભાઈ નિનામા, સમુબેન નગજીભાઈ, પંકજભાઈ કાવાભાઈ રોત, નટુભાઈ વાલાભાઈ તરાર, ભરતભાઈ વાલાભાઈ, પ્રતાપભાઈ કાનાભાઈ તરાર, જયં તિભાઈ કમાભાઈ ખરાડી, સંદિપભાઈ જીવાભાઈ ખરાડી, ઈશ્વરભાઈ વાલાભાઈ, રાજેશભાઈ કાનાભાઈ પાંડોર, બાબુભાઈ રૂપાભાઈ નિનામા, બીલાબેન અમરતભાઈ, મંજુલાબેન બાબુભાઈ, કમજીભાઈ સુકાભાઈ ખરાડી,

અરવિંદભાઈ બદાભાઈ રોત, સુમિત્રાબેન અરવિંદભાઈ રોત, પિયુશભાઈ મરતાભાઈ રોત, પ્રેમિલાબેન વિક્રમભાઈ ખરાડી, વિગેરે માણસોનુ ટોળુ ટ્રેકટર ઉપર છુટ્ટા પથ્થરો નાખતા હતા તે વખતે ઈસરી પો.સ્ટેશનના માણસોએ ટોળાને વિખેરાઈ જવા સમજાવતા ટોળુ માનેલ નહિ અને આક્રોશમાં આવી અમારા ઘરના માણસો તથા ટ્રેકટર ઉપર તથા પોલીસના માણસો ઉપર પથ્થરમારો કરતા પરીસ્થીતી વણસી ગયેલી અને મારી વહુ ગીતાબેન તથા હુ તથા મારી સાળી કૈલાશબેન ઘર છોડી દુર જતા રહેલ અને મારી પત્ની સકીનાબેન મારા ઘરમાં સંતાઈ ગયેલ અને પથ્થર મારો ચાલુ હોય ટોળાને કાબુમાં લાવવા માટે પોલીસે ટીયરગેસના સેલ હવામાં છોડેલ તે પછી ટોળુ વિખેરાઈ ગયેલ.

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, હુ ધોરણ – ૧૦ સુધી ભણેલ છુ. કાન્તીભાઈની લાશ પ્રતાપભાઈ કાનાભાઈ અને મારા પુત્ર નરેશભાઈના ઘરની પાછળ મળેલી. કુલાભાઈ અને અમરતભાઈએ કાન્તીભાઈને મારા દિકરા નરેશએ મારી નાખેલ છે તેવી ફરીયાદ ઈસરી પો.સ્ટેશનમાં આપેલી. એ વાતની મને ખબર નથી કે, પોલીસે આ ફરીયાદ અનુસંધાને કોઈ કાર્યવાહી ન કરતા આરોપીઓ વારવાર ઈસરી પો.સ્ટેશન જતા હતા. એ વાતની મને ખબર નથી કે, આરોપી વિમળાબેનના ફઈના દિકરા મુકેશભાઈ છે. કાન્તીભાઈ સળુભાઈ મરણ ગયા તે બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી. તે સિવાય પોલીસે મારી બીજી કોઈ પુછપરછ કરેલ નથી. આ કામના આરોપીઓ મારા ગામના અને પાડોસીઓ થાય છે જેથી હુ તેઓને પહેલેથી ઓળખુ છુ. હુ બોલતો ગયો હોય અને પોલીસે બધાના નામ લખતી ગયેલ હોય તેવુ બનેલ નથી. બનાવ વખતે ૧૦૦–૨૦૦ માણસોનુ ટોળુ થઈ ગયેલ હતુ. બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણા રહેણાં

કના મકાનો આવેલા છે. ટોળુ આવતા હુ મારા ઘર પાસેથી જતો રહેલો. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

(૯.૧૯) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૭૫ થી સાહેદ કૈલાશબેન રમેશભાઈ ભગોરાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,આજથી આશરે બે–ત્રણ વર્ષ અગાઉ મને વાતોવાતોથી જાણવા મળેલ છે કે, સકીનાબેનને ઓઢા ગામે રહેતા હતા અને તેઓને ગામ લોકોએ માર મારીને કાઢી મુકેલા કારણ કે, ગામ લોકોનુ એવુ માનવુ હતુ કે નરેશભાઈએ કાન્તીભાઈ સળુભાઈ નિનામાનુ ખુન કરેલ છે ત્યારબાદ અમો તથા સકીનાબેન, રત્નાભાઈ, નરેશભાઈ, અને બીજા ચાર મજુરો તથા ટેકટર લઈને મારા કાકાના છોકરા સાથે ઓઢા ગામે ઘઉ વાઢવા માટે ગયેલા ત્યારે આ ગામના લોકોએ અમારી ઉપર પથ્થરમારો કરેલો અને તે વખતે અમોને પોલીસ બંધોબસ્ત ફાળવેલ હતો તે પથ્થર પોલીસને તથા અમોને લાગેલા અને અમો બનાવ સ્થળેથી ભાગી ગયેલા ત્યારબાદ શુ બનેલુ તે બાબત હુ જાણતી નથી. પોલીસે મારો કોઈ જવાબ લીધેલો નથી. આ પથ્થર મારો કરનાર વ્યકિતઓને હુ ઓળખી શકુ નહિ.

સદર સાહેદ ફરીયાદપક્ષની ફરીયાદ હકીકતને સર્મથન કરતા ન હોય વિદ્વાન એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવાની પરવાનગી માંગતા તેઓને પરવાનગી આપતા સદર સાહેદની ફ્રીયાદપક્ષે વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છતા તેઓએ ફ્રીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે,હુ અભણ છુ. ફરીયાદી મુકેશભાઈ ધીરાભાઈ મારા કુટુંબી ફોઈના દિકરા થાય છે.

નરેશભાઈએ કાન્તીભાઈનુ ખુન કરેલ છે તેવી ફરીયાદ આરોપીઓએ નરેશભાઈ વિરુધ્ધ ઈસરી પો.સ્ટેશનમાં આપેલી. કહેવાતો બનાવ ઘઉ વાઢતા હતા તે વખતે બનેલો. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

**(૯.૨૦)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૭૭ થી સાહેદ પ્રશાંતકુમાર રમેશચંદ્ર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં ફ્રીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે. તેમજ વધુમાં, જણાવેલ છે કે, બનાવ સમયે ટોળુ હોય ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ આરોપીઓને હુ જોયેથી ઓળખી શકુ. આ કામના આરોપીઓને હુ જોયેથી ઓળખુ છુ જે પૈકી આજરોજ નામ.કોર્ટમાં ખરાડી પ્રેમીલાબેન વિશ્રામભાઈ, લીલાબેન અમૃતભાઈ, નિનામા રંજીતાબેન દિનેશભાઈ, આશાબેન વનરાજભાઈ નિનામા, ખરાડી જયંતિભાઈ કમાભાઈ, કટારા ભરતભાઈ બાલાભાઈ, ઈશ્વરભાઈ વાલાભાઈ, નિનામા અર્જુનભાઈ ઈશ્વરભાઈ, નિનામા અમૃતભાઈ રૂપાભાઈનાઓ હતા તે સિવાયના આરોપીઓને હુ ઓળખી શકુ નહિ.

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે,તા.૨૮/૦૮/૨૦૨૧ થી હુ પોલીસ કોન્ટેબલ તરીકે ઈસરી પો.સ્ટેશન ખાતે ફરજ બજાવતો હતો. બનાવ સમયે હુ બનાવ સ્થળે હાજર હતો. બનાવ સ્થળે અમો સરકારી વાહન લઈ ગયેલા. અમો કયાં નંબરનુ સરકારી વાહન લઈને ગયેલા તે નંબર હાલ યાદ નથી. અમો પોલીસ સ્ટેશનના વાહનની લોગ બુક નિભાવીએ છીએ. બનાવના આશરે બે દિવસ બાદ તપાસ કરનાર અધિકારીએ મારો જવાબ લીધેલો. ત.ક.અ. વી.એસ. દેસાઈનાઓએ મારુ નિવેદન કોમ્પ્યુપર રાઈઝ લખેલુ. મારુ નિવેદન કહેવાતા બનાવના દિવસે જે તે સ્થળે લેવામાં આવેલ નથી. મે મારુ નિવેદન સભાન

અવસ્થામાં લખાવેલુ. બનાવ સ્થળની આજુબાજુ અન્ય ઘણા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાતની મને ખબર નથી કે, બનાવના દિવસે ગામમાં બારમુ હતુ. બનાવવાળી જગ્યાની ચતુરદિશામાં કોના મકાનો આવેલા તે હુ ચોકકસ કહી શકૂ નહિ. સાહેદ જણાવે છે કે, બનાવ વાળા ઘરની પાછળ ખેતર આવેલ છે. **મે મારી સ.ત.માં જણાવેલ આરોપીઓના નામો મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી.**આ કામના ફરીયાદી મુકેશભાઈ અમારા પોલીસ સ્ટાફના માણસ છે જેઓ બિન હથીયારી પોલીસ છે. અમોને જે તે જગ્યાએ ફરજ નિભાવવા માટેનો લેખીત હુકમ અમારા ઉપલી અધિકારી દ્વારા કરવામાં આવેલો. **ટોળામાં આરોપીઓ પૈકી કયાં આરોપીએ શુ કર્યુ તે હુ ચોકકસ ન કહી શકુ. કહેવાતા આરોપીઓની મેજીસ્ટ્રેટ રૂબરુ ઓળખ પરેડ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી.** ટીયરગેસ ફરીયાદી મુકેશભાઈએ છોડેલા. એ વાતની મને ખબર નથી કે, સકીનાબેનએ મુકેશભાઈના ફોઈની દિકરી થાય છે. **મે મારા પોલીસ જવાબમાં અજાણ્યા માણસોનુ ટોળુ હતુ તેવી હકીકત લખાવેલ છે.** અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

## (૧૦) <u>પંચસાહેદનો પુરાવો:-</u>

આ કામે આંક- ૪૫ થી પંચસાહેદ બાબુભાઈ સોમાભાઈ ભગોરા તથા આંક- ૪૮ થી પંચસાહેદ વિરજીભાઈ દીતાભાઈ કટારાને ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલાં છે. આ બંને પંચ સાહેદોએ તેમની જુબાનીમાં માત્ર પંચનામામાં સહીઓ કરેલ હોવાનુ હકીકત જણાવેલ છે. જેથી ફરીયાદપક્ષ દ્વારા આ પંચોને ફરી ગયેલાં જાહેર કરવાની અરજ કરતાં આ કામના પંચસાહેદો ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલાં. ત્યારબાદ સદર પંચ સાહેદોની ફરીયાદપક્ષએ વિગતવારની ઉલટતપાસ કરવા છતા તેઓએ પંચનામાની કોઈ

જ હકીકતોને સમર્થન આપેલ નથી. જેથી સદર કામે રજુ આંક– ૪૬,૪૭ વાળા પંચનામાઓ ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

## (૧૧) <u>તપાસ કરનાર અમલદારનો પુરાવો:–</u>

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૮૦ થી ત.ક.અ વિકાસ શંકરભાઈ દેસાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, તા.૧૦/૨/૨૦૨૨ ના રોજ બીટ નં.૨ ઓઢા ગામના કાન્તીભાઈ સળુભાઈ નિનામાઓ આકસ્મીત રીતે મરણ ગયેલ હોઈ ઈસરી પો.સ્ટે. મથકે અમોત નં.૨/૨૨, સી.આર.પી.સી. કલમ– ૧૭૪ મુજબ દાખલ કરેલ હતુ અને મરણ જનારનુ પેનલ ડોકટરની પી.એમ. કરાવેલ અને કબજે લીધેલ વિશેરા એફ.એસ.એલ.અમદાવાદ તપાસણી સારુ મોકલી આપેલ અને જેમાં બાયોલોજીકનો તથા પેથોલોજીક વિભાગ મેડીકલ સીવીલ હોસ્પીટલનુ પુથ્થકરણ સર્ટીફીકેટ આવેલ ન હોઈ તપાસ પેન્ડીંગ હતી આ મરણજનારના કુટુંબી તથા ગ્રામજણો કાન્તીભાઈ સળુભાઈ નિનામાના મોત બાબતે નરેશભાઈ રત્નાભાઈ ના ઉપર શંકા વહેમ કરતા હોઈ આ નરેશભાઈ તથા તેના માતા–પિતા તથા તેમની પત્ની તથા બીજા તેમના ઘરના માણસો તેમના સંબંધી ધોરવાડાના ત્યા જતા રહેલા તા.૧૮/૦૩/૨૦૨૨ ના રોજ સકીનાબેન રત્નાભાઈ તેમના ઘરનુ તથા ઢાળીયામાં કોઈ કારણસર આગ લાગવાથી થોડોક ભાગ બળી ગયેલ હોય આ બાબતે તેઓએ ઈસરી પો.સ્ટે. મથકે તા.૧૯/૩/૨૦૨૨ ના રોજ દાખલ કરાવેલી અને બીજુ ઘરનો સામાન તેમના ઘરે હોઈ તે સામાન કાઢવા બાબતે તેઓએ પ્રોટેકશન મેળવવા ઈસરી પો.સ્ટે. અરજી આપેલ તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજ જાણવાજોગ તપાસ તથા સરસામાન કાઢવા બાબતે અરજી આપતા પોલીસ સ્ટેશનના માણસો અ.પો.કો. મુકેશભાઈ ધિરાભાઈ, એ.એસ.આઈ.

શંકરભાઈ સોમાભાઈ, અ.પો.કો. ચીમનભાઈ ઘર્માભાઈ, અ.હે.કો. રણજીતભાઈ સુકાભાઈ, અ.પો.કો.શૈલેષભાઈ રામાભાઈ તેમજ પાછળ હુ તથા પોલીસ સ્ટાફના માણસો  તથા સકીનાબેન રત્નાજી તેમના પતિ, ગીતાબેન નરેશભાઈ તથા કુડોલ ગ્રામના તેમના સંબંધી સાથે  ઓઢા ગામે ગયેલા અને તેમનુ સરસામાન ઘર આગળ ટ્રેકટર ઉભુ રાખી તેમાં સરસામાન ઘરમાંથી બહાર કાઢી ભરતા હતા એટલામાં કીકીયારીઓ થવા લાગી આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા અને દોડી આવી પથ્થરો સકીનાબેનના ઘર ઉપર, ટ્રેકટર ઉપર, તથા અમો પોલીસ ઉપર નાખતા હતા તે વખતે હુ તથા બીજા પોલીસના માણસો વુ.પો.કો. પ્રતીક્ષાબેન, વુ.પો.કો.લક્ષ્મીબેન કાવજીભાઈ, અ.પો.કો.કાન્તભાઈ મનજીભાઈ, અ.પો.કો.અશ્વિનભાઈ વાલમાભાઈ, અ.પો.કો.અનિલભાઈ રામાભાઈ, વુ.પો.કો.ગીતાબેન અમૃતભાઈ, અ.પો.કો.પ્રસાંતકુમાર રમેશચંન્દ્ર, અ.પો.કો.અલ્પેશકુમાર બચુભાઈ, અ.પો.કો. બાબુભાઈ ઘર્માભાઈ વિગેરા બીજા પોલીસ સ્ટાફના માણસો આવી ગયેલા અને પથ્થર નાખનાર માણસોને સમજાવેલા અને વીખેરાઈ જવા જણાવતા આ માણસો એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને વધુ પથ્થર મારો અમો ઉપર કરવા લાગેલા જેથી અ.પો.કો.મુકેશભાઈ ધિરાભાઈનાઓએ તેમની પાસ ેની ગેસ ગનથી ત્રણ સેલ હવામાં ટોળુ વીખેરવા માટે છોડેલા જેથી ટોળુ વીખેરાઈ ગયેલુ તેઓએ છોડેલ સેલનો એક કેપ મળેલ અને બાકીના બે કેપ અમોને મળેલ નહિ જેથી ટોળાએ કરેલ ગેરકાયદેસર કૃત્ય બદલ અમો રૂબરુ અ.પો.કો. મુકેશભાઈ ધિરાભાઈનાઓએ ફરીયાદ આપેલી જે ફરીયાદ આ કામે **આંક.......** થી રજુ છે તે જોઈને કહુ છુ કે તેમા મુકેશભાઈની મારી રૂબરુ સહી છે જે ઓળખી બતાવુ છુ જે ફરીયાદ અમોએ ઈસરી પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧ ૮૮૦૦૫૨૨૦૦૯૦/૨૦૨૨, ઈ.પી.કો. કલમ– ૧૪૩, ૧૪૫, ૧૪૭, ૧૪૯, ૩૩૭, ૩૫૩ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબ નોંધી આગળની

તપાસ અમોએ સંભાળી પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ જે અંગેનુ પંચનામુ **આંક– ૪૬** થી રજુ છે તે જોઈને કહુ છુ કે તેમાં મારી પંચો રૂબરુની સહી છે જે ઓળખી બતાવુ છુ તથા સદર પંચોની હાજરીમાં છોડેલ સેલ નંગ.૩ માંથી એક સેલની કેપ મળી આવતા તે પંચનામાની રૂએ તપાસ અર્થે સ્થળ ઉપરથી કબજે કરેલ જે અંગેનુ પંચનામુ **આંક– ૪૭** થી રજુ છે તે જોઈને કહુ છુ કે તેમાં મારી પંચો રૂબરુની સહી છે જે ઓળખી બતાવુ છુ ત્યારબાદ અમોએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોધેલા અને આરોપીઓને અટક કરી જામીન ઉપર મુકત કરેલ ત્યારબાદ તપાસના કાગળો વંચાણે લેતાં આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ જે આ કામે ક્રિમીનલ કેસ નં.૧૨૭૬/૨૦૨૨, ક્રિ મીનલ કેસ નં.૯૯૨/૨૦૨૩, ક્રિમીનલ કેસ નં.૯૨૪/૨૦૨૩ થી રજુ રાખેલ છે અને ત્યારબાદ મારી બદલી થઈ જતા નાસતા ફરતા આરોપીઓને અમારા પછીના ત.ક.અ.શ્રી કે.આર. દરજી, પો.ઈન્સ તથા એમ.એમ.માલીવાડ નાઓએ અટક કરી જામીન ઉપર મુકત કરેલ અને તપાસના કાગળો વંચાણે લ ેતાં તેઓએ નામ.કોર્ટમાં નાસતા ફરતા આરોપીઓનુ ચાર્જશીટ રજુ કરેલ જે આ કામે ક્રિમીનલ કેસ નં.૭૭૯/૨૦૨૫ થી રજુ રાખેલ છે.

આ કામના આરોપીઓને જોયેથી હુ ઓળખુ છુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે. ક્રિમીનલ કેસ નં.૧૨૭૬/૨૦૨૨ માં આરોપી નં .૧૦, ૧૨ અને ૧૩, ક્રિમીનલ કેસ નં.૯૨૪/૨૦૨૩ માં આરોપી નં.૧, ક્રિ મીનલ કેસ નં.૯૯૨/૨૦૨૩ માં આરોપી નં.૧૦ તર્ફે મુકતી રીપોર્ટ રજુ જે મંજુર કરવામાં આવેલ છે આરોપીઓ તર્ફે ઓળખની તકરાર જતી કરેલછે.ક્રિમીનલ કેસ નં.૭૭૯/૨૦૨૫ માં આરોપી નં.૨ અને ૮ તર્ફે મુકતી રીપોર્ટ રજુ છે આરોપીઓ તર્ફે ઓળખની તકાર જતી કરેલ છે.

બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતો કબુલ રાખે છે કે, બનાવ સમયે હુ ઈસરી પો.સ્ટેશનમાં ઈ.ચા. પી.આઈ. તરીકે ફરજ બજાવતો હતો. આ કામના ફરીયાદી મુકેશભાઈ અમારા પોલીસના માણસ છે. મુકેશભાઈ અનાર્મ બીન હથીયારી પોલીસ અધિકારી છે. અ.પો.કો. સામાન્ય રીતે બીટમાં નોકરી કરતા હોય છે. તેઓએ બીટનુ લગતુ કામ કરવાનુ હોય છે અને બંધોબસ્તમાં જવાનુ હોય છે. બીન હથીયારી પોલીસને માત્ર લાઠી આપવામાં આવે છે. મે પોલીસ મેન્યુઅલને અભ્યાસ કરેલ છે. મુકેશભાઈ પાસે હથીયાર ચલાવવાનુ સર્ટીફિકેટ ન હોય કારણ કે અમારે પોલીસ એકેડેમીમાં તેની ટ્રેનીંગ આપવામાં આવે છે. ટીયર ગેસ છોડવા કોઈ ઉપલા અધિકારીનો લેખીત આદેશ આપેલ હોય તેવુ બનેલ નથી. ટીયર સેલ છોડવાનો જે બનાવ બનેલ છે તે તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજનો છે. ટીયર સ ેલ નુ મેન્યુફેકચરીંગ અને એકસપાયરી ડેટ હુ જણાવી શકુ નહિ કારણ કે હુ તેનો એકસપર્ટ નથી. મળેલ ટીયર સેલની કેપ એફ.એસ.એલ. પરીક્ષણ માટે મોકલવામાં આવેલ નથી. ઓઢા ગામનો કાન્તીભાઈ સળુભાઈનાઓ મરણ ગયેલા તે અંગેની ફરીયાદ અમરતભાઈ રૂપાભાઈનાઓએ આપેલી. સાહેદ જણાવે છે કે, તેની એ.ડી.(અકસ્માત નોં ધ) નં. ૨/૨૦૨૨ દાખલ થયેલી. આ અકસ્માત મર્ડર હતુ તેવી ફરીયાદ કરવા અમરતભાઈ રૂપાભાઈ તથા ગામના લોકો વારંવાર પો.સ્ટેશન આવતા હતા. પી.એમ.થયેલ તે વખતે ડોકટરશ્રીએ મરણ જનારનુ પ્રાથમીક કારણ મૌખીકમાં હાર્ટની બિમારીના લીધે મરણ ગયેલ હોવાનુ જણાવેલુ જેથી અમોએ આગળનો ગુનો દાખલ કરેલો નહિ. ફરીયાદીએ તેની ફરીયાદમાં કોઈપણ આરોપીનુ નામ લખાવેલ નથી. બનાવ સમયે બનાવ સ્થળે આશરે ૧૦-૧૫ માણસોનો પોલીસ બંધોબસ્ત ત્યાં હાજર હતો. બનાવ સમયે બનાવ સ્થળે સરકારી ગાડીઓમાં ગયેલા. આ સરકારી ગાડીની લોગ બુક આ કામે રજુ

કરેલ નથી કે ગાડી નંબર પણ જણાવેલ નથી. અમો ૧૫ માણસોમાંથી ૬–૭ માણસો હથીયારી તથા બાકીના પોલીસ અધિકારી લાકડી લઈ હાજર હતા. બનાવ સ્થળેથી કોઈપણ વ્યકિતની ધરપકડ કરેલ નથી. બનાવના એક મહિના બાદ કહેવાતા આરોપીઓની અટક કરેલ છે. આરોપીઓ પૈકી ચોકકસ કયાં આરોપીએ શુ કરેલ તે હકીકત મારી તપાસમાં બહાર આવેલ નથી. આરોપીઓ પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી. સદર કામે આક્ષેપીત નરેશભાઈના પરીવાર તથા પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલા નથી. એ વાતની મને ખબર નથી કે, નરેશભાઈની માતા ફરીયાદી મુકેશભાઈની ફોઈ થાય છે. સાહેદ સકીનાબેનના બહેન શારદાબેન ગાંધીનગર મુકામે પોલીસમાં ફરજ બજાવે છે. બનાવ સમયે શારદાબેન બનાવ સ્થળે હાજર હતા. બનાવ સ્થળે ગયા તેવી સ્ટેશન ડાયરીની નોધ આ કામે રજુ કરેલ નથી. અન્ય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

## (૧૨) <u>પુરાવાઓનુ મુલ્યાકન :–</u>

**(૧૨.૧)** ઉપરોક્ત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું એકત્રિત મૂલ્યાંકન કરતાં આ અદાલત એવું માને છે કે, કોઈ એક સાહેદની જુબાનીને અલગથી જોવાને બદલે સમગ્ર પુરાવાને એકબીજાના સંદર્ભમાં વાંચી અને પરખી તેનો પ્રભાવ નિર્ધારિત કરવો આવશ્યક બને છે. તેથી આ અદાલતે ફરીયાદપક્ષના તમામ સાહેદોની જુબાની દરમિયાન થયેલા ખુલાસાઓ, રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા, ઘટનાની પરિસ્થિતિઓ તથા બચાવ પક્ષ દ્વારા દર્શાવવામાં આવેલી વિસંગતિઓનું સંયુક્ત મૂલ્યાંકન કરેલ છે. આ મૂલ્યાંકન દરમિયાન કયા સાહેદની જુબાની વિશ્વસનીય, સ્વાભાવિક તથા અન્ય પુરાવા સાથે સુસંગત છે, કયા પુરાવાને સ્વીકારવા યોગ્ય ગણવો અને કયા ભાગને વિશ્વસનીયતા ન હોવાને કારણે સ્વીકારી શકાય તેમ નથી, તે અંગે અદાલતે

સાવચેતીપૂર્વક વિચારણા કરેલ છે. તે ઉપરાંત, દરેક આરોપી સામે ઉપલબ્ધ પુરાવાનું વ્યક્તિગત મૂલ્યાંકન કરીને તેની ઓળખ, ઘટનામાં તેની સંડોવણી, તેના દ્વારા કરવામાં આવેલ કૃત્ય તથા ભારતીય દંડ સંહિતાની સંબંધિત જોગવાઈઓના આવશ્યક તત્ત્વો પુરાવાથી શંકાથી પરે સ્થાપિત થાય છે કે નહીં તે અંગે પણ અલગથી વિચારણા કરવામાં આવી છે. પરિણામે અદાલત માત્ર સાહેદોની જુબાનીઓનું પુનરાવર્તન કરતી નથી, પરંતુ સમગ્ર પુરાવાની સંકલિત અસરના આધારે ફરીયાદપક્ષ આરોપિત ગુનાઓના આવશ્યક તત્ત્વો શંકાથી પરે પુરવાર કરવામાં સફળ થયું છે કે કેમ તે અંગે નીચે મુજબ કારણોસર પોતાન। તારણો નોંધે છે.

**(૧૨.૨)** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં તપાસવામાં આવેલ પોલીસ સાહેદો પૈકી સૌપ્રથમ ફરીયાદી મુકેશભાઈ ધીરાભાઈ ની જુબાની રજૂ કરી છે. જેમાં તેઓએ કાન્તીભાઈ નીનામાના મૃત્યુ બાદ ગામમાં તંગદિલીનું વાતાવરણ સર્જાયું હતું અને સકીનાબેનને પોતાના મકાનમાંથી ઘરવખરીનો સામાન કાઢવા માટે પોલીસ રક્ષણ આપવામાં આવ્યું હતું. તે મુજબ તેઓ તથા અન્ય પોલીસ કર્મચારીઓ સકીનાબેન સાથે ગામે ગયા હતા. સકીનાબેનના મકાનમાંથી ટ્રેક્ટરમાં ઘરવખરી ભરવામાં આવી રહી હતી તે દરમિયાન આશરે ૩૦ થી ૪૦ વ્યક્તિઓનું ટોળું એકત્રિત થયું હતું અને તેમણે સકીનાબેનના મકાન, ટ્રેક્ટર તેમજ પોલીસ સ્ટાફ ઉપર પથ્થરમારો શરૂ કર્યો હતો. પોલીસ દ્વારા ટોળાને સમજાવવાનો તથા વિખેરાઈ જવાની ચેતવણી આપવામાં આવી હોવા છતાં ટોળું વધુ ઉશ્કેરાયું હતું અને પથ્થરમારો ચાલુ રાખ્યો હતો. ત્યારબાદ ટોળાને વિખેરવા માટે ત્રણ ટીયર ગેસના સેલ છોડવામાં આવ્યા હતા, જેના કારણે ટોળું વિખેરાઈ ગયું હતું. ત્યારબાદ તેમણે હાલની ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદપક્ષે વિવિધ પોલીસ કર્મચારીઓને સાહેદ તરીકે રજૂ કર્યા છે. તેઓ પૈકી આંક– ૫૦ થી શંકરભાઈ, આંક– ૫૧ થી શૈલેષકુમાર, આંક– ૫૨ થી ચીમનભાઈ, આંક– ૫૪ થી કાંતીલાલ, આંક– ૫૬ થી રણજીતભાઈ, આંક– ૫૭ થી રમેશભાઈ,

આંક– ૫૮ થી મયુરભાઈ, આંક– ૫૯ થી અનિલભાઈ, આંક– ૬૦ થી અશ્વીનભાઈ, આંક– ૬૧ થી અલ્પેશકુમાર, આંક– ૬૨ થી બાબુભાઈ, આંક– ૬૮ થી ગીતાબેન, આંક– ૬૯ થી પ્રતીક્ષાબેન, આંક– ૭૧ થી લક્ષ્મીબેન તથા આંક– ૭૭ થી પ્રશાંતકુમાર તમામ તે જ પોલીસ ટીમના સભ્યો હોવાનું જણાય છે, જેઓ બનાવ સમયે સ્થળ ઉપર હાજર હતા. આ તમામ સાહેદોની સર તપાસ માં તેઓએ ફરીયાદીની સરતપાસમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ છે. જેના પરથી સ્પષ્ટ થાય છે કે આ તમામ સાહેદો બનાવના સમયના પોલીસ બંદોબસ્તનો ભાગ હતા અને તેઓ ઘટનાસ્થળે હાજર હતા. તેથી ઘટના બની હોવા અંગે તેમની જુબાની એકબીજાને સમર્થન આપે છે. **આ કેસમાં સૌથી મહત્વનો પ્રશ્ન આરોપીઓની ઓળખનો છે.** ફરીયાદી એ પોતાની સર તપાસમાં જ સ્પષ્ટપણે જણાવ્યું છે કે બનાવ સમયે મોટી સંખ્યામાં ટોળું ભેગું હોવાથી તેઓ હાલ આરોપીઓને ઓળખી શકતા ન હોવાનુ જણાવેલ છે. તેમજ આંક– ૩૩ ની ફરીયાદ વંચાણે લઈએ તો તે પણ અજાણ્યા માણસો સામે આપવામાં આવેલ છે. તેમજ આંક– ૫૦ થી શંકરભાઈ, આંક– ૫૨ થી ચીમનભાઈ, આંક– ૫૭ થી રમેશભાઈ, આંક– ૫૮ થી મયુરભાઈ, આંક– ૫૯ થી અનિલભાઈ, આંક– ૬૦ થી અશ્વીનભાઈ, આંક– ૬૧ થી અલ્પેશકુમાર, આંક– ૬૨ થી બાબુભાઈ, આંક– ૬૮ થી ગીતાબેન, આંક–૬૯ થી પ્રતીક્ષાબેન તથા આંક– ૭૧ થી લક્ષ્મીબેને પણ તેમની જુબાનીમાં બનાવ વખતે ટોળુ હોઈ ઘણા માણસો ટોળામાં ભેગા થયેલા હોઈ તમામ આરોપીઓને ઓળખી શકતા નથી તેવી હકીકત જણાવેલ છે. એટલે કે બનાવ સમયે સ્થળ ઉપર હાજર રહેલા મોટા ભાગના પોલીસ સાહેદો આરોપીઓની ઓળખ કરવામાં નિષ્ફળ રહ્યા છે. જ્યારે બીજી તરફ આંક– ૫૧ થી તપાસેલ સાહેદ શૈલેષકુમારે માત્ર એક આરોપીની ઓળખ કરી છે. આંક– ૫૪ થી તપાસેલ સાહેદ કાંતીલાલ

તથા આંક– ૫૬ થી તપાસેલ રણજીતભાઈએ ત્રણ આરોપીઓની ઓળખ કરી હોવાનું જણાવ્યું છે. આંક– ૭૭ થી તપાસેલ પ્રશાંતકુમારે અન્ય તમામ પોલીસ સાહેદોથી અલગ રીતે નવ આરોપીઓને ઓળખ્યા હોવાનું જણાવ્યું છે. આમ જુદા જુદા પોલીસ સાહેદો દ્વારા જુદી જુદી સંખ્યામાં આરોપીઓની ઓળખ કરવામાં આવી છે, આ પરિસ્થિતિમાં ઓળખ અંગેનો પુરાવો સંપૂર્ણપણે સુસંગત અને વિશ્વસનીય હોવાનું કહી શકાય તેમ નથી. વધુમાં, રેકર્ડ પરથી એવું પણ જણાય છે કે તપાસ અધિકારી દ્વારા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ કોઈ ઓળખ પરેડ યોજવામાં આવી નથી. જ્યારે બનાવ દરમિયાન આશરે ૩૦ થી ૪૦ વ્યક્તિઓનું ટોળું હતું, પથ્થરમારો ચાલી રહ્યો હતો અને સમગ્ર ઘટનાક્રમ ગભરાટભર્યા વાતાવરણમાં બન્યો હતો ત્યારે માત્ર કોર્ટમાં પ્રથમ વખત કરવામાં આવેલી ઓળખ ને સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવા તરીકે સંપૂર્ણ મહત્વ આપી શકાય તેમ નથી. વિશેષ કરીને જ્યારે મોટાભાગના પોલીસ સાહેદોએ આરોપીઓને ઓળખવામાં અસમર્થતા દર્શાવી હોય ત્યારે થોડાક સાહેદોની ઓળખને અત્યંત સાવચેતીપૂર્વક તપાસવાની જરૂર રહે છે.

**(૧૨.૨)** વધુમાં, સદર કામે પોલીસ સાહેદોની ઉલટતપાસ દરમિયાન પણ ફરિયાદપક્ષના કેસને અસર કરતી અનેક બાબતો બહાર આવી છે. પોલીસ સાહેદોએ તેમની ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે બનાવમાં કોઈપણ પોલીસ કર્મચારીને ગંભીર ઈજા થઈ નથી. કોઈપણ સ્વતંત્ર ગ્રામજનને સાહેદ તરીકે તપાસવામાં આવ્યો નથી, જ્યારે ઘટના ગામની વચ્ચે બની હોવાનું જણાવાયું છે. ટોળામાં આશરે ૩૦ થી ૪૦ વ્યક્તિઓ હોવાનું જણાવાયું હોવા છતાં તે પૈકી કેટલાએ પથ્થરમારો કર્યો, કોણે પોલીસ ઉપર હુમલો કર્યો અને કોણે માત્ર ટોળામાં હાજરી આપી હતી તે અંગે કોઈપણ પોલીસ સાહેદ ચોક્કસ વર્ણન આપેલ નથી. **કોઈપણ સાહેદે કોઈ ચોક્કસ આરોપી દ્વારા કરાયેલ ચોક્કસ કૃત્ય વર્ણવ્યું નથી.** તમામે સામાન્ય રીતે "ટોળાએ પથ્થરમારો કર્યો" એટલું જ જણાવ્યું છે. તે ઉપરાંત, ફરીયાદપક્ષે એવી

હકીક્ત જણાવવામાં આવેલ છે કે, પોલીસ ઉપર પથ્થરમારો થયો હતો, પરંતુ પોલીસ સાહેદોએ જ તેમની ઉલટતપાસમાં કબુલેલ છે કે **તેઓને કોઈ ઈજા થયેલ નથી કે તેઓએ કોઈ સારવાર લીધેલ નથી.** આમ, પોલીસ કર્મચારીઓ ને ઈજા થયેલ ન હોય, ઈજાના તબીબી પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી. વધુમાં, સદર બનાવવાળી જગ્યાની આજુબાજુ અન્ય રહેણાંકના મકાનો આવેલ હોવા છતા સદર કામે કોઈપણ સ્વતંત્ર પંચ અથવા ગામના અન્ય સ્વતંત્ર સાહેદોએ આરોપીઓની સંડોવણીને સમર્થન આપવામાં આવ્યું નથી. સ્થળ પરથી માત્ર એક ટીયર ગેસ સેલનો કેપ મળ્યો હોવાનું જણાવાયું છે, પરંતુ તેનાથી ચોક્કસ આરોપીઓની હાજરી કે સંડોવણી સાબિત થતી નથી. આથી સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું સંયુક્ત મૂલ્યાંકન કરતાં એવુ સ્પષ્ટ થાય છે કે, પોલીસ બંદોબસ્ત દરમિયાન પથ્થરમારો થયેલો હતો તે બાબત ફરિયાદપક્ષના પોલીસ સાહેદોના પુરાવાથી પ્રાથમિક રીતે સમર્થિત થાય છે. પરંતુ માત્ર એટલી હકીકતના આધારે દરેક આરોપીને ગુનામાં સંડોવાયેલ હોવાનું માની શકાય નહીં. ફોજદારી કાયદાનો સ્થાપિત સિદ્ધાંત એવો છે કે ફરિયાદપક્ષે દરેક આરોપી સામેના આરોપને વાજબી શંકાથી પરે સાબિત કરવો પડે છે. જ્યારે ઓળખ અંગેના પુરાવામાં ગંભીર અસંગતતા જોવા મળે છે, મોટાભાગના પોલીસ સાહેદો આરોપીઓને ઓળખવામાં નિષ્ફળ જાય છે, ઓળખ પરેડ યોજવામાં આવતી નથી, સ્વતંત્ર સાહેદોનો અભાવ છે તથા કોઈપણ આરોપી સામે વ્યક્તિગત અને ચોક્કસ કૃત્યનો પુરાવો ઉપલબ્ધ નથી, ત્યારે માત્ર સામાન્ય અને એકસરખા પોલીસ પુરાવાના આધારે તમામ આરોપીઓને દોષિત ઠરાવવું કાયદાની દૃષ્ટિએ સુરક્ષિત ગણાવી શકાય નહીં. ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદોએ મુખ્ય પરીક્ષણમાં આરોપીઓની સંડોવણી અંગે જુબાની આપી હોવા છતાં, તેમની ઉલટતપાસ દરમિંયાન એ હકીકત સ્વીકારવામા આવેલ છે કે ઘટના સમયે મોટી સંખ્યામાં લોકોનું ટોળું એકત્રિત થયેલું હતું અને તમામ આરોપીઓને સ્પષ્ટ રીતે ઓળખી શકાયા ન હતા. વધુમાં, ફરીયાદપક્ષના સાહેદોની જુબાનીઓમાં આરોપીઓની ઓળખ, તેમની વ્યક્તિગત ભાગીદારી તથા

તેઓએ ભજવેલી ચોક્કસ ભૂમિકા અંગે નોંધપાત્ર વિસંગતિઓ અને અસ્પષ્ટતા જોવા મળે છે. વળી, ફરીયાદપક્ષ દ્વારા એવો કોઈ સ્વતંત્ર અને નિર્ભર પુરાવો રજૂ કરવામાં આવેલ નથી કે જેના આધારે દરેક આરોપીની સંડોવણી અને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૯ મુજબનો સામાન્ય ઉદ્દેશ્ય શંકાથી પરે સ્થાપિત થઈ શકે. માત્ર ઘટના સમયે ટોળામાં હાજર હોવાની શંકા અથવા સામાન્ય આક્ષેપોના આધારે કોઈપણ આરોપીને દોષિત ઠેરવી શકાય નહીં. સદર કામમાં ફરીયાદપક્ષ આરોપીઓની ઓળખ, તેમની વ્યક્તિગત સંડોવણી તથા આરોપિત ગુનાઓના આવશ્યક તત્ત્વો વિશ્વસનીય અને નિર્ભર પુરાવાથી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

.

**(૧૨.૩)** વધુમાં, સદર કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદ સકીનાબેન રત્નાભાઈ ખરાડીએ પોતાની સર તપાસમાં આરોપીઓ દ્વારા પથ્થરમારો અને ઘર ઉપર હુમલો થયાની વાત કરી હોવા છતાં, ફરિયાદપક્ષના કેસને સંપૂર્ણ ટેકો આપ્યો નથી. ત્યારબાદ તેમની પોલીસ સમક્ષ આપેલા નિવેદનના આધારે અનેક નવી વિગતો બહાર લાવવામાં આવી છે. બીજી તરફ, બચાવપક્ષની ઉલટતપાસમાં તેમણે સ્વીકાર્યું છે કે બનાવ સમયે તેઓ ઘર અંદર સંતાઈ ગયા હતા અને **કોણે કોના ઉપર પથ્થરમારો કર્યો તે તેમણે પોતાની આંખે જોયું નથી.** તેમણે વધુમાં એ પણ સ્વીકાર્યું છે કે કાંતિભાઈના મૃત્યુ અંગે તેમના પુત્ર સામે અગાઉ ફરિયાદ નોંધાઈ હતી તથા આરોપી પક્ષ સાથે તેઓને વેરભાવ અસ્તિત્વમાં હતું. આવી કબૂલાતોને કારણે તેમની જુબાની પર આધાર રાખી આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. વદ્યુમાં, તેમની જુબાનીમાંથી આરોપીઓની વ્યક્તિગત સંડોવણી વિશ્વસનીય રીતે સ્થાપિત થતી નથી.

તે જ રીતે સાહેદ ગીતાબેન નિરંજનભાઈ ખરાડી પણ તેમની સર તપાસ દરમિયાન ફરિયાદપક્ષને સંપૂર્ણ સમર્થન આપતા ન હોવાથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પોલીસ નિવેદનના આધારે તેમને અનેક સૂચક પ્રશ્નો પૂછીને વિગતો બહાર લાવવામાં આવી છે.

પરંતુ ઉલટતપાસમાં તેમણે સ્વીકાર્યું છે કે બનાવ સમયે તેઓ પોતાના બાળકને દવાખાને લઈ ગયા હતા, ગામમાં મોટી ભીડ હતી અને બનાવ અંગેની કેટલીક બાબતો તેમને અન્ય વ્યક્તિઓ પાસેથી જાણવા મળી હતી. તેમણે એ પણ સ્વીકાર્યું છે કે પોલીસ સમક્ષના નિવેદનમાં અનેક આરોપીઓના નામ નોંધાયેલા નહોતા, જે નામો તેમણે પ્રથમ વખત કોર્ટમાં લીધા છે. આ પ્રકારની જુબાની સંપૂર્ણ વિશ્વસનીય બનાવતા નથી.

ત્યારબાદ ફરિયાદપક્ષે તપાસેલ સાહેદ રત્નાભાઈ હાજીભાઈ ખરાડી ફરિયાદપક્ષના અગત્યના સાહેદ છે. તેઓ બનાવ સમયે પોતાના પરિવાર સાથે ઘટનાસ્થળે હાજર હોવાનું જણાવે છે. તેમ છતાં તેમની જુબાનીનું અવલોકન કરતાં જણાય છે કે તેઓ ફરિયાદની મૂળ હકીકતને સંપૂર્ણ સમર્થન આપતા નથી. સર તપાસમાં તેમણે માત્ર એટલું જણાવ્યું છે કે આરોપીઓએ પથ્થરમારો કર્યો હતો અને પોલીસ દ્વારા ટીયરગેસ છોડવામાં આવ્યો હતો, પરંતુ આરોપીઓની વ્યક્તિગત ભૂમિકા તથા સમગ્ર ઘટનાક્રમ અંગે ફરિયાદપક્ષની કેસ મુજબ સ્પષ્ટ અને સંપૂર્ણ જુબાની આપી નથી. પરિણામે, ફરિયાદપક્ષની વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ફરિયાદપક્ષ દ્વારા તેમના પોલીસ સમક્ષ આપેલા નિવેદનના આધારે અનેક સૂચક પ્રશ્નો પૂછીને સમગ્ર ઘટનાક્રમ તથા મોટી સંખ્યામાં આરોપીઓના નામ તેમની પાસેથી કબૂલ કરાવવામાં આવ્યા છે. જો કે, કાયદાનો સ્થિર સિદ્ધાંત છે કે ફરી ગયેલા જાહેર થયેલા સાહેદના પોલીસ નિવેદનના આધારે અપાયેલ જવાબોને સ્વતંત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહીં, જ્યાં સુધી તેની અન્ય વિશ્વસનીય પુરાવાથી પુષ્ટિ થતી ન હોય. વધુમાં, બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે મહત્વપૂર્ણ કબૂલાતો કરી છે કે કાંતિભાઈના મૃત્યુ અંગે તેમના પુત્ર વિરુદ્ધ અગાઉ ફરિયાદ નોંધાઈ હતી, આરોપી પક્ષ તથા તેમના પરિવાર વચ્ચે અગાઉથી વૈમનસ્ય ચાલતું હતું તથા તેઓ તમામ આરોપીઓને ગામના રહેવાસી અને પાડોશી હોવાથી અગાઉથી ઓળખતા હતા. તેમણે વધુમાં કબૂલ્યું છે કે બનાવ સમયે આશરે ૧૦૦ થી ૨૦૦ વ્યક્તિઓનું ટોળું એકત્ર થયું હતું, પોલીસ દરેક વ્યક્તિના નામ લખતી

ન હતી અને ભીડને કારણે ચોક્કસપણે દરેક વ્યક્તિની વ્યક્તિગત ભૂમિકાનું નિરીક્ષણ કરવું શક્ય નહોતું. આ પ્રકારની કબૂલાતો તેમની ઓળખ અને આરોપીઓની ચોક્કસ સંડોવણી અંગે શંકા ઉભી કરે છે.

વધુમાં,સાહેદ કૈલાશબેન રમેશભાઈ ભગોરા આંક–૭૫ ની જુબાનીનું અવલોકન કરતાં જણાય છે કે, તેઓએ તેમની સરતપાસમાં માત્ર એટલી હકીકત જણાવી છે કે, ગામના લોકો નરેશભાઈ ઉપર કાન્તીભાઈના મૃત્યુ અંગે શંકા રાખતા હોવાથી સકીનાબેન તથા અન્ય લોકો સાથે ગામમાં જતાં ગામલોકો દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જોકે તેઓએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે પથ્થરમારો કરનાર વ્યક્તિઓને તેઓ ઓળખી શકતા નથી તથા ત્યારબાદ શું બન્યું તેની તેમને જાણ નથી. વધુમાં તેમણે એ પણ જણાવ્યું છે કે પોલીસ દ્વારા તેમનો કોઈ નિવેદન લેવામાં આવ્યો ન હતો. આથી તેમની જુબાનીમાંથી આ કામના કોઈપણ આરોપીની ચોક્કસ ઓળખ, વ્યક્તિગત સંડોવણી અથવા તેમના દ્વારા કોઈ ચોક્કસ કૃત્ય કરવામાં આવ્યું હોવાનું પુરવાર થતું નથી. બચાવ પક્ષની ઉલટતપાસમાં પણ તેઓએ માત્ર એટલી હકીકત સ્વીકારી છે કે ફરીયાદી તેમના કુટુંબી સંબંધમાં આવે છે તથા નરેશભાઈ વિરુદ્ધ અગાઉ ફરિયાદ કરવામાં આવી હતી. પરંતુ આ હકીકતો સદર કેસમાં આરોપીઓની સંડોવણી અથવા તેમની ઓળખ સ્થાપિત કરવામાં કોઈ મદદરૂપ થતી નથી. તેથી આ સાહેદની જુબાની ફરીયાદપક્ષના કેસને કોઈ નોંધપાત્ર ટેકો આપતી નથી અને આરોપીઓ સામેના આરોપોને શંકાથી પરે પુરવાર કરવામાં તેનો કોઈ વિશેષ પુરાવાકીય મૂલ્ય હોવાનું આ અદાલત માનતી નથી.

આમ, સદર સાહેદોની સમગ્ર જુબાનીનું સંયુક્ત મૂલ્યાંકન કરતાં જણાય છે કે તેઓ ફરિયાદપક્ષને સંપૂર્ણ ટેકો આપતા નથી અને તેમને ફ્રી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે. તેમના પુરાવામાં મહત્વના વિરોધાભાસો, તથા ઉલટતપાસમાં થયેલી કબૂલાતોને ધ્યાનમાં લેતા તેમની જુબાની ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકવો સુરક્ષિત નથી. કાયદાનો સ્થિર સિદ્ધાંત છે કે ફ્રી ગયેલા સાહેદની જુબાની સંપૂર્ણપણે નકારી કાઢવાની હોતી નથી, પરંતુ તેના

વિશ્વસનીય અને અન્ય સ્વતંત્ર પુરાવાથી સમર્થિત ભાગનો જ સ્વીકાર થઈ શકે. વર્તમાન કેસમાં સદર સાહેદોની જુબાનીમાંથી એવો કોઈ સ્વતંત્ર અને નિર્વિવાદ ભાગ પ્રસ્થાપિત થતો નથી કે જેના આધારે આરોપીઓની વ્યક્તિગત સંડોવણી નિઃશંકપણે સાબિત થઈ શકે. તેથી તેમની જુબાનીઓ ફરિયાદપક્ષના કેસને નોંધપાત્ર મજબૂતી આપતી હોવાનું આ કોર્ટને જણાતું નથી.

**(૧૨.૪)** ત્યારબાદ ફરિયાદપક્ષે તપાસેલ તપાસ અધિકારી શ્રી વિકાસ શંકરભાઈ દેસાઈનો પુરાવો સમગ્ર કેસની તપાસની પ્રક્રિયા તથા અનુસરવામાં આવેલ કાર્યવાહીને લગતો છે. સાહેદે પોતાની જુબાનીમાં ફરિયાદ નોંધવાથી લઈને ઘટનાસ્થળનું પંચનામું, ટીયરગેસના સેલની કેપ જપ્ત કરવાનું પંચનામું, સાહેદોના નિવેદનો નોંધવા, આરોપીઓની ધરપકડ, જામીન ઉપર મુક્તિ તથા અંતે ચાર્જશીટ રજૂ કરવા સુધીની સમગ્ર તપાસની વિગતવાર હકીકત રજૂ કરી છે. આથી તપાસની ઔપચારિક કાર્યવાહી તેમણે સાબિત કરી છે. જોકે, બચાવપક્ષની ઉલટતપાસ દરમિયાન તેમણે સ્વીકાર્યું છે કે ફરિયાદી મુકેશભાઈ પોલીસ કર્મચારી હતા તથા સામાન્ય રીતે બિનહથિયારી પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવતા હતા. તેમણે એ પણ કબૂલ્યું છે કે ટીયરગેસ છોડવા માટે કોઈ ઉચ્ચ અધિકારીનો લેખિત આદેશ મેળવવામાં આવ્યો ન હતો. વધુમાં, બનાવમાં ઉપયોગમાં લેવાયેલ ટીયરગેસ સેલની ઉત્પાદન તારીખ, સમાપ્તિ તારીખ અંગે તેમને કોઈ જાણકારી નથી તથા સ્થળ પરથી મળેલી ટીયરગેસ સેલની કેપ એફ.એસ.એલ. પરીક્ષણ માટે મોકલવામાં આવી નહોતી. આથી ટીયરગેસ વાસ્તવમાં ઉપયોગમાં લેવાયો હતો કે કેમ તથા મળેલ કેપ તે જ સેલની હતી કે કેમ તેની વૈજ્ઞાનિક પુષ્ટિ કરવામાં આવી નથી. સાહેદે વધુમાં કબૂલ્યું છે કે કાંતિભાઈના મૃત્યુ અંગે અગાઉ અકસ્માત નોંધ દાખલ કરવામાં આવી હતી અને તે સમયે પ્રાથમિક રીતે ડૉક્ટર દ્વારા હાર્ટની બીમારીના કારણે મૃત્યુ થયાનું મૌખિક કારણ જણાવવામાં આવ્યું હતું, તેથી શરૂઆતમાં કોઈ ગુનો નોંધવામાં આવ્યો નહોતો. તેમણે એ પણ સ્વીકાર્યું છે કે ફરિયાદમાં કોઈપણ આરોપીનું નામ

ઉલ્લેખિત નહોતું. બનાવ સમયે આશરે ૧૦ થી ૧૫ પોલીસ કર્મચારીઓ હાજર હોવા છતાં સ્થળ પરથી એકપણ આરોપીની ધરપકડ કરવામાં આવી નહોતી અને આરોપીઓની ધરપકડ લગભગ એક મહિના પછી કરવામાં આવી હતી. વધુમાં, તપાસ દરમિયાન કોઈપણ આરોપી પાસેથી પથ્થર અથવા અન્ય કોઈ મુદામાલ જપ્ત કરવામાં આવ્યો નથી. ઉલટતપાસમાં તપાસ અધિકારીએ વધુ એક મહત્વપૂર્ણ કબૂલાત કરી છે કે **નરેશભાઈના પરિવારજનો તથા પોલીસ સાહેદો સિવાય કોઈપણ સ્વતંત્ર અને નિષ્પક્ષ સાહેદોના નિવેદનો લેવામાં આવ્યા નથી.** બનાવ સ્થળની આજુબાજુ રહેવાસીઓ હોવા છતાં તેમની પૂછપરછ કરવામાં આવી નહોતી. સરકારી વાહનની લોગબુક, સ્ટેશન ડાયરીની નોંધ અથવા પોલીસના ઘટનાસ્થળે જવાના દસ્તાવેજો પણ રજૂ કરવામાં આવ્યા નથી. વધુમાં, તપાસ દરમિયાન કયા આરોપીએ કઈ ચોક્કસ ભૂમિકા ભજવી હતી તે બાબત પણ બહાર આવી નહોતી.

આમ, તપાસ અધિકારીનો પુરાવો તપાસની ઔપચારિક કાર્યવાહી પુરવાર કરવા પૂરતો છે, પરંતુ તેમની ઉલટતપાસમાં થયેલી કબૂલાતો દર્શાવે છે કે તપાસમાં અનેક ગંભીર ખામીઓ રહી ગઈ છે. સ્વતંત્ર સાહેદોની ગેરહાજરી, ઘટનાસ્થળેથી આરોપીઓની ધરપકડ ન થવી, કોઈ મુદામાલ જપ્ત ન કરવો, ટીયરગેસ સેલની વૈજ્ઞાનિક તપાસ ન કરાવવી, સ્ટેશન ડાયરી તથા લોગબુક જેવા મહત્વના દસ્તાવેજો રજૂ ન કરવાં તથા દરેક આરોપીની વ્યક્તિગત ભૂમિકા અંગે સ્પષ્ટ તપાસ ન થવી જેવી ખામીઓ તપાસની ગુણવત્તા અને વિશ્વસનીયતા ઉપર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. પરિણામે, તપાસ અધિકારીની જુબાનીના આધારે માત્ર તપાસની પ્રક્રિયા પુરવાર થાય છે; પરંતુ તેના આધારે આરોપીઓની સંડોવણી નિઃશંક રીતે સ્થાપિત થતી નથી.

**(૧૨.૫)** આમ, સદર કામે ફરીયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું સંપુર્ણ મૂલ્યાંકન કરતાં આ અદાલત એવા તારણ પર પહોંચે છે કે, ફરીયાદપક્ષ આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭ તથા ૧૪૯ હેઠળ ગેરકાયદેસર મંડળી રચી હતી તથા તે

મંડળીનો સામાન્ય ઉદ્દેશ્ય ફરીયાદમાં દર્શાવ્યા મુજબનો હતો તે હકીકત શંકાથી પરે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. સાહેદોના પુરાવામાં આરોપીઓની ઓળખ, તેમની હાજરી તથા દરેક આરોપીએ ભજવેલ ભૂમિકા અંગે નોંધપાત્ર વિસંગતિઓ તથા તફાવતો જોવા મળે છે. કોઈપણ આરોપી સામે માત્ર ટોળામાં હાજર હોવાના આધારે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૯ મુજબની સામૂહિક જવાબદારી નિશ્ચિત કરી શકાય નહીં, પરંતુ તે માટે ફરીયાદપક્ષે દરેક આરોપીની ઓળખ, તેની ઘટનાસ્થળે હાજરી, તેણે ભજવેલી ચોક્કસ ભૂમિકા, તેના દ્વારા કરવામાં આવેલ કૃત્ય તથા અન્ય આરોપીઓ સાથેના સામાન્ય ઉદ્દેશ્યમાં તેની સભાન અને સક્રિય ભાગીદારી વિશ્વસનીય પુરાવા દ્વારા શંકાથી પરે સ્થાપિત કરવી આવશ્યક છે. સદર કેસમાં તે પ્રકારનો વિશ્વસનીય અને નિર્ભર પુરાવો ઉપલબ્ધ નથી. વળી, ફરીયાદપક્ષ એ હકીકત પણ શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે આરોપીઓએ જાહેર સેવકોને તેમની કાયદેસરની ફરજ બજાવતા અટકાવવાના આશયથી હુમલો કર્યો હતો અથવા તેમની સામે ગુનાહિત બળનો ઉપયોગ કર્યો હતો. જેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૩ના ગુનાના આવશ્યક તત્ત્વો સિદ્ધ થ તા નથી. તે જ રીતે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૭ હેઠળ આવશ્યક એવા ઈજાના પુરાવા તથા તે ઈજા આરોપીઓના કૃત્યના સીધા પરિણામે થયેલ હોવાનું પણ વિશ્વસનીય રીતે સ્થાપિત થઈ શક્યું નથી. બચાવ પક્ષ દ્વારા ઉલટતપાસ દરમિયાન દર્શાવવામાં આવેલી મહત્વપૂર્ણ વિસંગતિઓ, સ્વતંત્ર સાહેદોના અભાવ તથા સમગ્ર પુરાવાના મૂલ્યાંકનના પરિણામે ફરીયાદપક્ષનો કેસ શંકાથી પરે સાબિત થતો નથી. વળી સદર કામે કરવામાં આવેલ પંચનામાને પંચોએ પંચનામાઓની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી. જેથી સદર કામે કરવામાં આવેલ પંચનામાઓ પણ પુરવાર થતા નથી. વધુમાં, ફોજદારી કાયદાનો મૂળભૂત સિદ્ધાંત એવો છે કે શંકા, ભલે તે ગમે તેટલી પ્રબળ હોય, તે કાયદેસર પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. તેથી આરોપીઓને શંકાનો લાભ આપવો કાયદેસર અને ન્યાયોચિત જણાય છે. આમ ફરિયાદપક્ષ

આરોપીઓ વિરૂઘ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**૦ <u>આખરી હુકમ</u> ૦**

(૧) આ કામે **<u>ફોજદારી કેસ નંબર : ૧૨૭૬/૨૦૨૨</u>** ના આરોપીઓ (૧)ફુલાભાઈ રૂપાભાઈ નીનામા,(૨)પોપટભાઈ વિરજીભાઈ નીનામા, (૩)બચુભાઈ રૂપાભાઈ નીનામા,(૪)જયંતીભાઈ કમજીભાઈ ખરાડી, (૫)સંદીપભાઈ જીવાભાઈ ખરાડી, (૬)શંકરભાઈ સોમાભાઈ બામણા,(૭)રંજનબેન વા/ઓ કાન્તીભાઈ સળુભાઈ નીનામા (૮)વિમળાબેન વા/ઓ ઈશ્વરભાઈ વિરજીભાઈ નીનામા, (૯) મરીયમબેન વા/ઓ કાન્તીભાઈ મંગળાભાઈ નીનામા,(૧૦) મંજુલાબેન વા/ઓ બાબુભાઈ રૂપાભાઈ નીનામા,(૧૧)લીલાબેન વા/ઓ અમરતભાઈ રૂપાભાઈ નીનામા,(૧૨)ગૌરીબેન વા/ઓ લક્ષ્મણભાઈ જીવાભાઈ નીનામા,(૧૩)રંજીતાબેન વા/ઓ દિનેશભાઈ સુરજીભાઈ નીનામા,(૧૪)સમુબેન વા/ઓ નગજીભાઈ નેમાભાઈ વગાત, તમામ રહે. ઓઢા,તા.મેઘરજ,જી.અરવલ્લી તથા **<u>ફોજદારી કેસ નંબર : ૭૯૯/૨૦૨૫</u>** ના આરોપીઓ(૧)ઈશ્વરભાઈ વાલાભાઈ તરાર (૨)દિંનેશભાઈ સુરજીભાઈ નીનામા, (૩)અમૃતભાઈ રૂપાભાઈ નીનામા,(૪)લક્ષ્મણભાઈ જીવાભાઈ નીનામા, (૫)અજયભાઈ અમૃતભાઈ નીનામા,(૬)અરવિંદભાઈ બદાભાઈ રોત,(૭)પ્રતાપભાઈ કાનાભાઈ તરાર, (૮)પંકજભાઈ કાવાભાઈ રોત,(૯) સુમિત્રાબેન વા/ઓ અરવિંદભાઈ બદાભાઈ રોત,(૧૦)સુનિલભાઈ અમરતભાઈ નીનામા, (૧૧) આશાબેન વનરાજભાઈ નીનામા, તમામ રહે.ઓઢા, તા.મેઘરજ,જી.અરવલ્લી તથા **<u>ફોજદારી કેસ નંબર : ૯૨૪/૨૦૨૩</u>** ના આરોપીઓ(૧)ભરતભાઈ બાલાભાઈ ઉર્ફે બલાભાઈ કટારા,

(૨)રાજેશભાઈ કાનાભાઈ ઉર્ફે કાળાભાઈ પાંડોર, (૩)કમજીભાઈ ઉર્ફે કમાભાઈ સુકાભાઈ ખરાડી, (૪) કાંતીભાઈ મંગળાભાઈ નીનામા (૫) નટુભાઈ નગજીભાઈ વગાત,(૬)ઇશ્વરભાઈ વિરજીભાઈ નીનામા,તમામ રહે.ઓઢા(પાણીબાર),તા.મેઘરજ,જી.અરવલ્લી તથા **<u>ફોજદારી કેસ નંબર :૯૯૨/૨૦૨૩</u>** ના આરોપીઓ (૧)અર્જુનભાઈ ઇશ્વરભાઈ નીનામા,(૩)પારસભાઈ ઇશ્વરભાઈ નીનામા,(૪)મહેશભાઈ કુલાભાઈ નીનામા,(૫)કલ્પેશભાઈ ઉર્ફે લાલાભાઈ કુલાભાઈ નીનામા, (૬)કમલેશભાઈ પોપટભાઈ નીનામા, (૭) નિલમબેન વા/ઓ ઈશ્વરભાઈ નિનામા (૮)વનરાજભાઈ બચુભાઈ નીનામા, (૯)પિયુષભાઈ મરતાભાઈ રોત, (૧૦) પ્રેમીલાબેન વા/ઓ વિશ્રામભાઈ સાંજાભાઈ ખરાડી, તમામ રહે.ઓઢા(પાણીબાર)નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ−૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કોડની કલમ− ૧૪૩, ૧૪૫,૧૪૭, ૧૪૯, ૩૩૭, ૩૫૩ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧.૧)** આ કામે **<u>ફોજદારી કેસ નંબર : ૯૯૨/૨૦૨૩</u>** ના આરોપી (૨) યોગેશભાઈ કુલાભાઈ નીનામાનાઓ મરણ જતા આંક−૧ લગત અબેટ હુકમ કરવામાં આવેલ છે.

**(૧.૨)** સદર ચુકાદાની એક નકલ ફોજદારી કેસ નંબર : ૭૯૯/૨૦૨૫, ૯૨૪/૨૦૨૩, ૯૯૨/૨૦૨૩ સાથે સામેલ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે કરેલ મુદ્દામાલ અપીલ સમય બાદ નીયમોનુસાર નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ આખરી હુકમ આજરોજ મેઘરજમાં તા. ૦૫ મી, માહે–ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા. ૦૫/૦૮/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)**<br>**એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**<br>**મેઘરજ.**<br>**(જજ કોડ નંબર–જીજે ૦૧૪૦૮ )** |